dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 208 | AD - 2024, Chaitra Vad - 08 | Thursday, Dt.02-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ગુજરાત સ્થાપના દિનથી પ્રધાનમંત્રીએ ગુજરાતમાં સભા ગજવી, કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

# મારી ત્રીજી ટર્મમાં ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીશ : પ્રધાનમંત્રી

**પીએમ તો દિલ્હીમાં હોય અહીંથી તો આપણા નરેન્દ્રભાઈ આવ્યા છે**

ડીસા,તા.૧

લોકસભાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજથી ગુજરાત પ્રચારના શ્રી ગણેશ ડીસાથી કર્યા છે. ડીસામાં બપોરે સભા હોવાથી સભા મંડપમાં મિસ્ટિંગ કુલિંગ સિસ્ટમ લગાવી લોકોને ગરમીથી બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદી સાથે ૫૬ નેતાઓ સ્ટેજ પર બેઠા હતા, ડીસામાં પ્રજાને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આપણા બનાસકાંઠામાં પાણી ન મળે, મહેમાન રોકાય તો રાત્રે એવું થાય કે સવારે પાણી ક્યાંથી લાવીશું અને આજે પાણી આવ્યું છે. આજે ભાજપે ચારેકોર પાણી પહોંચાડ્યું છે. નલ સે જલ યોજના થકી લોકો સુધી પાણી પહોંચ્યું છે. માતા બહેનોનો પાણી ભરવામાં અડધો દિવસ જતો પણ હવે ઘરેબેઠા પાણી મળી રહે છે. પહેલા છોકરું જન્મે એટલે એને કાકા-મામાનું નામ ન આવડે પણ કર્ફ્યુ બોલતા આવડતું એ આપણે નાબૂદ કર્યું, બાળકો નિશાળે નહોતા જતા હવે જવા માંડ્યા, ભાજપે લાંબા ગાળાની મહેનત કરી છે એટલે આજે ગુજરાત આગળ આવ્યું છે. ગમે તેવી ગરમી હોય, ગમે તેવો તડકો હોય, ગમે તેવી પરિસ્થિતિ હોય મતદાન વધવું જોઈએ. દિલ્હીના શાહી પરિવારની સ્થિતિ એવી છે કે કોંગ્રેસ પોતે મત નહીં આપી શકે. જ્યાં સુધી મોદી છે અને ભાજપ છે ત્યાં સુધી બાબા સાહેબે જે આરક્ષણ આપ્યું છે તે હું જીવું છુ ત્યાં સુધી નહીં હટવા દઉં. તમે ગુજરાતીઓએ મને મોટો



કર્યો છે એટલે ચિંતા ન કરો. જે લોકો પહેલીવાર મતદાન કરતા તેમને દેશની શું પરિસ્થિતિ હતી એ ખબર જ નહોતી. એકવાર ગુગલ પર જઈને જોજો પહેલાં ચોરી, લૂંટની ખબરો ચાલતી હતી અને આજે શું ચાલે છે આટલા પકડ્યાં, આ એનો જ ફફડાટ છે ભાઈ. લોકો કાળી મજૂરી કરીને ટેક્ષ આપે એને લૂંટાવા દેવાય ભાઈ? અને હું લૂંટતા બચાવું છું તો આ લોકો મારો હાથ ખેંચે છે. ગુજરાતની પ્રજાએ ક્યારેય અહીંયા અસ્થિર સરકાર નથી આવવા દીધી. કોંગ્રેસને ગુજરાતમાંથી હટાવી છે હવે ચૂંટણીમાં તેમની વાત નથી ચાલતી તો ફેક વીડિયો વાઈરલ કરે છે. કોંગ્રેસના શહેઝાદાએ પુરા ઓબીસી સમાજ અને મોદી સમાજને ચોર કહ્યાં. મોદી ગુજરાતથી છે એટલે તેમણે મારા માતા-પિતાને પણ ખરું ખોટું કહેવામાં કોઈ કસર નથી છોડી. આ વખતે પહેલેથી પણ ઓછી સીટોમાં સમેટાઈ જશે અને રાજસ્થાનમાં તો એક પણ સીટ મળવાની સંભાવના નથી. જેના લીધે હવે INDI ગઠબંધન બોખલાઈ ગયું છે એટલે ફેક વીડિયો બનાવીને ફેલાવે છે. મારી ત્રીજી ટર્મમાં ભારતને ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીને રહીશ. ૨૦૧૯માં લોકો માનતા હતા કે ફરી સરકાર નહિ બને, સરકાર ના બને એ માટે દુનિયાભરના ખેલ થયા હતા પણ ફરી એક વખત સરકાર બની. ૨૦૨૪ની ચૂંટણીમાં મારા ૨૦-૨૨ વર્ષનો અનુભવ લઈને આવ્યો છું. દેશના સામર્થ્યના આધાર પર ગેરંટી લઈને આવ્યો છું. ગેરંટી એમ જ નથી અપાતી એના માટે હિંમત જોઈએ. મારી ગેરંટી છે કે મારી ત્રીજી ટર્મમાં ભારતને ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીને રહીશ. જેનો લાભ વર્તમાન અને આવનારી પેઢીને મળશે. જેવી રીતે તમે મને ટ્રેનિંગ અને શિક્ષા આપી તો મેં દેશ સેવા કરવા માટે કોઈ કસર નથી છોડી. બધા કહે છે કે 'પીએમ' આવ્યા પણ પીએમ તો દિલ્હીમાં હોય બાકી અહીંયા તો આપણા નરેન્દ્રભાઈ આવ્યા છે. ગુજરાત સ્થાપના દિવસે આપણે સંકલ્પ લઈએ કે વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાત બનાવવામાં કોઈ કમી રહેવા નહિ દઈએ.

## બિહારમાં તોફાનને કારણે બેના મોત, કાશ્મીરમાં મૂશળધાર વરસાદ

# દેશના અનેક રાજયોમાં ગરમીનો પારો ૫૦ ડિગ્રી નજીક પહોચ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧

ભારતમાં એકબાજુ કાળઝાળ ગરમી નવા રેકોર્ડ સર્જી રહી છે. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરમાં મૂશળધાર વરસાદના કારણે અનેક શહેરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારતના મોટાભાગના વિસ્તારમાં મંગળવારે આગ ઓકતી ગરમીનો અનુભવ થયો હતો. પશ્ચિમ બંગાળ, ઝારખંડ સહિત પૂર્વ ભારતમાં પારો ૪૭થી ૫૦ ડિગ્રી નજીક પહોંચી ગયો હતો. કોલકાતામાં ૪૩ ડિગ્રી ગરમીએ ૫૦ વર્ષનો વિક્રમ તોડયો હતો. બીજીબાજુ બિહારમાં આંધી-તોફાનના કારણે એક રાઈસ મીલની ઈમારત તૂટી પડતાં મિલના બે કર્મચારીના મોત થયા હતા જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ત્રણ દિવસથી મુશળધાર વરસાદના કારણે કાશ્મીરના નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું જોખમ સર્જાયું છે.



પૂર્વ ભારત સહિત મોટાભાગના રાજ્યોમાં કાળઝાળ ગરમીના પગલે પારો ૪૫ ડિગ્રીથી ઉપર પહોંચી ગયો છે. હવામાન વિભાગે ઝારખંડના અનેક વિસ્તારોમાં મંગળવારે હીટવેવની ચેતવણી આપી હતી. અહીં પૂર્વ સિંઘભૂમ જિલ્લાના બહારાગોરામાં તાપમાન ૪૭.૧ ડિગ્રી સે. નોંધાયું હતું, જે રાજ્યમાં સૌથી વધુ તાપમાન હતું. આ સિવાય જમશેદપુર શહેર, ગોડા અને સેરૈકેલામાં તાપમાન ૪૫.૫ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે ઝારખંડના ૧૧ જિલ્લાઓમાં બુધવારે હીટવેવની ચેતવણી આપી છે. આવતીકાલે પારો વધુ બેથી ત્રણ ડિગ્રી ઉપર જઈ શકે છે. તીવ્ર ગરમીમાં લૂ લાગવાના કારણે દુમકા બસ સ્ટેન્ડ નજીક બે માણસો બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એ જ રીતે ઓડિશામાં પણ હીટવેવની પરિસ્થિતિથી લોકો ભારે પરેશાન થઈ ગયા હતા. અહીં પાટનગર ભુવનેશ્વરમાં તાપમાન વધીને ૪૫.૪ ડિગ્રી થયું હતું. જોકે, મયુરભંજ જિલ્લામાં બરિપાડા શહેર ૪૬.૪ ડિગ્રી સે. તાપમાન સાથે રાજ્યમાં સૌથી ગરમ સ્થળ બની રહ્યું હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ ગરમ છે. વધુમાં પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં મંગળવારે ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે છેલ્લા ૫૦ વર્ષમાં સૌથી વધુ છે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. આ સિવાય પડોશી વિસ્તાર સોલ્ટ લેકમાં પણ ૪૩.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું જ્યારે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બરાકપોરમાં તાપમાન ૪૪.૬ ડિગ્રી રહ્યું હતું.

આ સિવાય પારો ૪૦ ડિગ્રીથી ઉપર રહ્યો હોય તેવા વિસ્તારોમાં કૃષ્ણનગર (૪૪), બર્ધમાન (૪૪), અસાન્સોલ (૪૪.૨), પુરુલિયા (૪૩.૭), ઝારગ્રામ (૪૪) અને શ્રીનિકેતન (૪૩.૬)નો સમાવેશ થાય છે. જોકે, રાજ્યમાં આગામી દિવસમાં વરસાદની સંભાવનાના પગલે લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું છે કે પૂર્વીય ભારતમાં એક મે સુધી અને દક્ષિણ ભારતમાં આગામી પાંચ દિવસ સુધી તિવ્ર ગરમી પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આંધ્ર પ્રદેશ, બિહાર, બંગાળ અને ઓડિશાના અનેક વિસ્તારોમાં રેડ એલર્ટ આપ્યું છે.

## હિન્દુ લગ્નમાં રીતિ-રિવાજોનું પાલન અનિવાર્ય

# હિન્દુ લગ્ન એક સંસ્કાર, સાત ફેરા વિના લગ્ન રદબાતલ : સુપ્રીમ

ન્યૂ દિલ્હી,તા.૧

સુપ્રીમ કોર્ટે હાલમાં જ કહ્યું છે કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ લગ્ન માટે માત્ર પ્રમાણપત્ર જ પૂરતું નથી, પરંતુ લગ્ન સમારોહ અને રીતિ-રિવાજોનું પાલન પણ યોગ્ય રીતે થવું જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ લગ્નમાં આવાં આયોજનનો અભાવ હોય તો તે કપલને વૈવાહિક દરજ્જો આપી શકાય નહીં. એટલે કે હિન્દુ વિવાહ ત્યારે જ માન્ય ગણાશે જ્યારે



સમાજની સામે સંપૂર્ણ મંત્રોચ્ચારની વચ્ચે અગ્નિની સામે સાત પવિત્ર ફેરા લેવા જેવી પ્રથા નિભાવવામાં આવી હોય. સુપ્રીમ કોર્ટે લગ્નને લઈને મહત્ત્વનો નિર્ણય સંભળાવ્યો છે. આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હિન્દુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે "ગીત-નૃત્ય", "ખાવા-પીવાનું" આયોજન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં આવી ન હોય તો હિન્દુ લગ્ન રદબાતલ છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી. સુપ્રીમ કોર્ટે એક નિર્ણયમાં હિન્દુ મેરેજ એક્ટ ૧૯૫૫ હેઠળ હિન્દુ લગ્નની કાનૂની જરૂરિયાતો અને પવિત્રતાને સ્પષ્ટ કરી છે.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા.૦૨-૦૫-૨૦૨૪

# લોકસભાની ચૂંટણી પૂર્વે લીલીયામાં પોલીસ-બીએસએફની ફ્લેગ માર્ચ



અમરેલી,તા.૧

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી સબબ લીલીયા ટાઉન, ક્રાંકચ, પીપળવા ગામે પોલીસની BSF સાથે ફ્લેગ માર્ચ યોજાઈ હતી. લીલીયા મોટા ટાઉન, ક્રાંકચ, પીપળવા ગામે સંવેદનશીલ વિસ્તારમાં એસ. પી. હિમકરસિંહ, ડીવાયએસપી ચિરાગ દેસાઈ તેમજ લીલીયા પીએસઆઈ એસ.આર. ગોહિલની સૂચના અને માર્ગદર્શન મુજબ ફ્લેગ માર્ચ યોજાઈ હતી.

# બગસરા નાગરિક શરાફી મંડળી દ્વારા બિઝનેસમેન અને નિવૃત્ત શિક્ષકનું સન્માન



બગસરા,તા.૧

ગુજરાત સ્થાપના દિન નિમિત્તે બગસરાને ગોલ્ડ પ્લેટીંગ ક્ષેત્રે વિશ્વમાં નામના અપાવનાર બિઝનેસમેન ભાવેશભાઈ ભાનાણી અને શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર ગીરધરભાઈ મારડીયાને મેઘાણીની પ્રતિમા આપી સન્માનિત કરાયા હતા.

## લોકસભાની ચૂંટણીમાં મતજાગૃતિની જાહેર અપીલ

# લોકસભાની ચૂંટણીને લઈ વંડા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું



અમરેલી,તા.૧

સાવરકુંડલા તાલુકાના વંડા પોલીસ દ્વારા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતું. જેમાં સાવરકુંડલા શહેરની મુખ્ય બજારો અને માર્ગો પર સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને પેરા મીલિટ્રી ફોર્સના જવાનો દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# અમરેલી લોકસભા ચૂંટણીલક્ષી ફરિયાદ માટે નિરીક્ષકનો સંપર્ક કરવા અનુરોધ

અમરેલી, તા.૧

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તાર માટે નિમવામાં આવેલા ચૂંટણી નિરીક્ષકોને નાગરિકો ચૂંટણીલક્ષી કોઈ પણ ફરિયાદ કે રજૂઆત કરી શકશે. ચૂંટણીલક્ષી ફરિયાદ અને રજૂઆત માટે જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુ, કાયદો અને વ્યવસ્થાને લગતી ફરિયાદ અને રજૂઆત માટે પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન અને ખર્ચને લગતી ફરિયાદ કે રજૂઆત માટે ખર્ચ નિરીક્ષક શ્રીનાવાસુ કોલ્લીપકાનો સંપર્ક કરવા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ચૂંટણીને લગતી કોઈપણ પ્રકારની ફરિયાદ કે રજૂઆત કરવા માટે જનરલ નિરીક્ષક એમ. કે.દ્રાબુનો મોબાઈલ નંબર ૬૩૫૩૬ ૯૩૧૮૮ પર સંપર્ક કરી શકાશે. અમરેલી સ્થિત સર્કિટ હાઉસ ખાતે તેમનો સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૨ છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાને લગતી ફરિયાદ કે રજૂઆત માટે પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીનનો મોબાઈલ નંબર ૯૬૬૪૫ ૩૫૮૦૫ પર સંપર્ક કરી શકાશે. લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ સહિતને લગતી બાબતોની ફરિયાદ કે રજૂઆત માટે ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકાનો મોબાઈલ નંબર ૭૯૯૦૩ ૪૩૮૪૮ પર સંપર્ક કરી શકાશે. અમરેલી સ્થિત સર્કિટ હાઉસ ખાતે તેમનો સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૧ છે.

# વિજપડી ગામ ખાતે નેત્રનિદાન કેમ્પ યોજાયો, ૩૦ દર્દીઓના ઓપરેશન કર્યા

## માધવ સેવા ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ૧૧૪મા નેત્ર કેમ્પનું આયોજન કરાયું



અમરેલી,તા.૧

વિજપડી ગામ ખાતે માધવ સેવા ટ્રસ્ટ દ્વારા દર મહિને વિજપડી આસપાસના ગામોમાં આંખના રોગોથી પીડાતા દર્દીઓ માટે વિનામૂલ્યે ૧૧૪મો નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. દિપ પ્રાગટ્ય કરી નેત્ર નિદાન કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં રણછોડદાસબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો તથા તેમના નર્સીંગ અને મેડિકલ સ્ટાફ દ્વારા ૧૧૦ દર્દીઓની આંખની તપાસણી કરાઈ હતી જેમાં ૩૦ દર્દીઓને મોતિયાના ઓપરેશનો કરી આપવામાં આવ્યા હતા.

## કથામાં સામાજીક અને સ્થાનિક ભાવિક ભક્તો જોડાયા

# વડિયામાં ભેડા પરિવારના આંગણે પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાઈ



વડીયા,તા.૧

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આહિર ભેડા પરિવારના આંગણે પિતૃ મોક્ષાર્થે ૨૪થી ૩૦ એપ્રિલ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા વાસુદેવભાઈ જોશી દ્વારા વ્યાસપીઠ પર બિરાજી ભાગવત જ્ઞાનનું લોકોને રસપાન કરાવાયું હતું. આ ભાગવત કથામાં શ્રી કપિલ જન્મ, શ્રી નૃસિંહ જન્મ, શ્રી વામન જન્મ, શ્રી રામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મ, રુક્ષ્મણી વિવાહ અને પરીક્ષિત મોક્ષ જેવા ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરાઈ હતી. આ કથામાં સામાજિક, રાજકીય આગેવાનો અને સ્થાનિક લોકોએ જોડાઈ પૂણ્યનું ભાથું બાંધ્યું હતું.

## ઉનાળાની શરૂઆતમાં જ પાણીની તંગી

# લીલીયા મોટામાં નલ સે જલ યોજનાનો ફિયાસ્કો થતા લોકરોષ

## સ્થાનિક પદાધિકારી અને આગેવાનો દ્વારા લોકફાળાની રકમ એકઠી કરવા છતાં બેદરકારીને લીધે લોકો સુવિધાઓથી વંચિત

અમરેલી, તા.૧

લીલીયામાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીના સ્થાનિક સોર્સમાં પાણી ડુકવા લાગ્યા છે. અહી મહીનું પાણી છેવાડાના વિસ્તારો સુધી પહોંચતુ ન હોય લોકોને ખુબ મુશ્કેલી વેઠવી પડી રહી છે. અહીં નલ સે જલ યોજના ઠેરની ઠેર પડી છે. શહેરમાં ગુજરાત જળ જીવન મિશન અને પાણી પુરવઠા વિભાગ દ્વારા નવ કરોડના ખર્ચે નલ સે જલ યોજનાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ આ યોજના ઠેરની ઠેર હોવાનું જોવા મળી રહ્યું છે. શહેરમાં આઠ માસથી તંત્ર દ્વારા ૩૫ લાખ લીટર ક્ષમતાનો પાણીનો સમ્પ, ૧૫ લાખ લીટરની ત્રણ ટાંકી અને ૩૨ કિમી વિસ્તારમાં પાઈપ લાઈન બિછાવવાની કામગીરી પુરી કરી નાખવામાં આવી છે. તમામ સમ્પ, પાઈપ લાઈનનું ટેસ્ટીંગ પણ થઈ ગયુ છે. તેમ છતાં સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધીશોએ લોકફાળાની રકમ કોઈ કારણોસર ન ભરતા આજદિન સુધી હાઉસ કનેકશનની કામગીરી શરૂ કરવામાં આવી નથી. સ્થાનિક લોકોએ ઉચ્ચકક્ષા સુધી રજૂઆત કરી છે. જો કે હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. હાલ સ્થાનિક સોર્સમાં પણ પાણી ડુકવા લાગ્યા છે. જેના કારણે લોકોને પાણી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. લીલીયામાં સ્થાનિક પદાધિકારી અને આગેવાનોએ લોકફાળાની રકમ એકઠી કરવા માટે કમિટીની રચના કરી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈ પરિણામ મળ્યું નથી. જેના કારણે લોકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે અને ભારે નારાજગી જોવા મળી રહી છે.

# બગસરામાં જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૪૭મા પ્રાગટ્ય દિવસની ઉજવણી કરાશે





બગસરા,તા.૧

બગસરામાં મદન મોહનલાલજીની મોટી હવેલી ખાતે જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૪૭મા પ્રાદૂર્ભાવ મહોત્સવનું આયોજન ૪ મેના રોજ કરવામાં આવ્યું છે. જેમાં પ્રભાત ફેરી, ધ્વજવંદન, પલના નંદ મહોત્સવ, તિલક આરતી, રાજભોગ દર્શન જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન ૫૦૦૦થી વધુ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો મહાપ્રસાદનો લાભ લેશે. સાંજે દિપકભાઈ ચત્રભુજભાઈ જોગીનાં નિવાસ સ્થાન આસોપાલવ સોસાયટીથી વર્ણાગી પ્રસ્થાન કરશે જે બગસરાના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈ બગસરા મોટી હવેલી ખાતે પૂર્ણતા પામશે. આ ઉપરાંત રાસેશ્વર બાવાશ્રી તેમના મધુરકંઠે જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં વચનામૃતનું રસપાન કરાવશે. આ સમગ્ર કાર્યક્રમ માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ઉત્સવ સમિતિ, મહાલક્ષ્મી મહિલા મંડળ, વૈષ્ણવ યુથ દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે.


## ઉનાળાની ગરમીમાં રાહત આપવા સ્વયંસેવકોના સહયોગથી

# શિવદરબાર આશ્રમ-કાનાતળાવ દ્વારા ઠંડી છાશનું પરબ શરૂ કરાયુ



અમરેલી,તા.૧

અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે શિવદરબાર આશ્રમ કાનાતળાવ દ્વારા સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યુ છે. જેમાં દર વર્ષે ઉનાળામાં વટેમાર્ગુ, રાહદારીઓ અને વાહનચાલકો માટે છાશનું પરબ શરૂ કરવામાં આવે છે. ચાલુ વર્ષ પણ ઉનાળાની શરૂઆતમાં શિવદરબાર આશ્રમ દ્વારા સાવરકુંડલા, હાથસણી અને કાનાતળાવ ગામની ચોકડી પર છાશ પરબ મારફતે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## અમરેલી લોકસભાના ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાની સાથે ભાજપ આગેવાનો પણ જોડાયા

# ગારીયાધાર વિધાનસભાના ગામડાઓમાં ભરતભાઈ સુતરીયાને આવકાર






અમરેલી,તા.૧

અમરેલી સહિત સમગ્ર રાજયમાં આગામી તા.૭ના રોજ લોકસભાની બેઠક માટે મતદાન થવાનું છે. જેમાં અમરેલી લોકસભાની બેઠક માટે ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ભાજપ આગેવાનો સાથે લોકસભા વિસ્તારનો પ્રવાસ કરી રહ્યાં છે. લોકસભાના વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કર્યા બાદ ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ગારીયાધાર વિધાનસભાના ગામ જેસર, સેંદરડા, ગળથ, મોણપર, ગુંદરણા, લુવારા, માનવિલાસ, પરવડી, મોટા ચારોડીયા તેમજ ગારીયાધાર શહેરમાં સભાઓ ગજવી રહ્યા છે. ભરતભાઈ સુતરીયાએ ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, તા.૭ મેના રોજ ગરમીની આગાહી કરવામાં આવી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં સવારના ૧૦ વાગ્યા સુધીમાં કમળનું બટન દબાવી પ્રધાનમંત્રીના હાથ મજબૂત થાય તે માટે મતદાન કરજો. તમામ ગામોમાં સવારમાં જ ભાજપ તરફી મતદાન થાય તે માટે ભરતભાઈ સુતરીયાએ અનુરોધ કર્યો હતો. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. મકવાણા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન દશરથ જાની, તાલુકા ભાજપ પ્રમુખ મોહનભાઈ મકવાણા, તાલુકા ભાજપ ગ્રામ્યના મહામંત્રી ઘનશ્યામભાઈ મહેતા, તાલુકા પંચાયતના સદસ્ય હામુભાઈ આહીર, ઈશ્વરભાઈ ગોહીલ તેમજ તાલુકા પંચાયત સદસ્ય જગદીશભાઈ વિક્રમભાઈ બારૈયા, જિલ્લા પંચાયત સદસ્ય ગેમભાઈ મકવાણા, રાણાભાઈ ગોહિલ, પૂર્વ ઉપપ્રમુખ ગિજુભાઈ બલદાણીયા, નથુભાઈ રાઠોડ, રમેશભાઈ ગોહિલ, સરપંચ ઓઢાભાઈ ગોહિલ, મંગાભાઈ શકાણી તેમજ તાલુકાના અને જિલ્લાના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ગ્રામજનોને ભાજપ તરફી મતદાન કરવા માટે અનુરોધ કરતા ભરતભાઈ સુતરીયા**

### ટ્રેન ડ્રાઈવરે સિંહને રેલવે ટ્રેક પર જોતા ઈમરજન્સી બ્રેક લગાવી

## ધારી-ચલાલા વચ્ચે રેલવે ટ્રેક પર સિંહનો બચાવ

સિંહનો જીવ બચાવનાર ટ્રેન ડ્રાઈવરને રેલવે અધિકારી દ્વારા સન્માનીત કરાયા

અમરેલી,તા.૧

ભાવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ આજે ટ્રેન ડ્રાઈવરની સમયસુચકતાથી વધુ એક સિંહનો બચાવ થયો હતો. ટ્રેન ડ્રાઈવર બલીરામ કુમાર અમરેલી-જૂનાગઢ પેસેન્જર ટ્રેન ચલાવતી વખતે સવારે ૭:૩૦ કલાકે ચલાલા-ધારી સેક્શન વચ્ચે રેલવે ટ્રેક પર સિંહને અચાનક આવતો જોઈને તેમણે ઈમરજન્સી બ્રેક લગાવીને લગભગ ૫૦ મીટર પહેલા ટ્રેન રોકી દીધી અને સિંહનો જીવ બચાવ્યો હતો. સિંહે પાટા ઓળંગ્યા બાદ ટ્રેનને ઘટનાસ્થળ પરથી ગંતવ્ય સ્ટેશન તરફ લઈ જવામાં આવી હતી. ઘટનાસ્થળ પર કોઈ ફોરેસ્ટ ગાર્ડ હાજર ન હતો, તેમ છતાં લોકો પાયલટે ટ્રેન રોકીને સિંહને બચાવ્યો હતો.

ટ્રેન મેનેજરે ધારી સ્ટેશન માસ્તરને મેમો આપ્યો હતો અને તે અંગેની માહિતી ટ્રેન ડ્રાઈવર દ્વારા મંડલ કચેરી કંટ્રોલને આપવામાં આવી હતી. માહિતી મળતાં, ટ્રેન ડ્રાઈવર બલીરામ કુમારને તેમના પ્રશંસનીય કાર્ય માટે ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

### પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર સહિતની હાજરી

## તુલસીશ્યામધામ ખાતે પર્યાવરણ મંત્રીએ દર્શન કરી ધન્યતા અનુભવી




રાજુલા,તા.૧

સુપ્રસિધ્ધ યાત્રાધામ તુલસીશ્યામ ખાતે રાજયના પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ભગવાન શ્યામના દર્શન કર્યા હતા. મધ્યગીરમાં આવેલ તુલસીશ્યામધામમાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર તથા ભાજપ આગેવાન મહેશભાઈએ શ્યામ ભગવાનના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

### યુવા ક્રિકેટર પર અભિનંદનની વર્ષા, ઓસ્ટ્રેલિયામાં પણ સદી ફટકારી છે

## બગસરાના યુવા ક્રિકેટરની રાજસ્થાન રોયલ્સનાં પ્રેક્ટિસ સેશનમાં પસંદગી

ક્રિકેટ ક્ષેત્રે બગસરાનું નામ રોશન કરવાની યુવા ક્રિકેટરે ઈચ્છા વ્યકત કરી



અમરેલી,તા.૧

હાલ દેશમાં ચૂંટણીની સાથે આઈપીએલનો માહોલ જામી રહ્યો છે. આઈપીએલ હવે તેના આખરી પડાવમાં છે. આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ ટોપ નંબર પર છે ત્યારે આ ટીમમાં પ્રેકિટસ સેશનમાં બગસરાના યુવાનની પસંદગી થતા યુવા ક્રિકેટર પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

બગસરામાં પોલીસ સ્ટેશન પાસે રહેતા યુવા ક્રિકેટર વત્સ દિપકભાઈ દેવમુરારીની રાજસ્થાન રોયલ્સની ટીમના પ્રેકિટસ સેશનમાં પસંદગી થઈ છે. સિવિલ એન્જિનિયરનો અભ્યાસ કરનાર વત્સ દેવમુરારી ભાવનગર ડિસ્ટ્રીકટમાં અં.૧૯માં રમતો હતો. વિકેટકીપર બેટસમેન વત્સ ભાવનગર ડિસ્ટ્રીકટ તરફથી ઓસ્ટ્રેલિયાના સીડનીમાં પણ રમી આવ્યો છે જયાં તેમણે એક સદી પણ ફટકારી છે. રાજસ્થાન રોયલ્સમાં પ્રેકિટસ સેશનમાં પોતાની પસંદગી વિશે વત્સ જણાવે છે કે, ડિસ્ટ્રીકટમાંથી મારૂ પ્રદર્શન જોઈ અમદાવાદ બોલાવવામાં આવ્યો હતો. જયાં મારી રાજસ્થાન રોયલ્સની ટીમમાં પ્રેકિટસ સેશનમાં પસંદગી કરવામાં આવી હતી. જેથી હું રાજસ્થાન રોયલ્સની ટીમ સાથે જોડાયો છું. ભવિષ્યમાં ક્રિકેટ ક્ષેત્રે આગળ વધી બગસરાનું નામ રોશન કરવાની ઈચ્છા વ્યકત કરી હતી.

આમ, બગસરાનો યુવા ક્રિકેટર રાજસ્થાન રોયલ્સની ટીમ સાથે પ્રેકિટસ સેશનમાં જોડાતા તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.નરેશભાઈ વ્રજલાલ ખોરસીયા(ઉ.વ.૫૩) તા.૧/૫/૨૦૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે જનકભાઈ, કુંદનબેન ભરખડા, ઉષાબેન જેઠવા, મિહિર, માધવ, ધારા, મિતલના પિતાશ્રી થાય છે. તેમનુ બેસણું તા.૨/૫ વાંઝાવાડી સાંજે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે.

## ગળકોટડી ગામથી ચાવંડ જતા રોડ પર ઈંડાની દુકાનમાંથી ૫ બોટલ ઈંગ્લીશ દારૂ પકડાયો


અમરેલી, તા.૧

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૯ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ગળકોટડી ગામે ચાવંડ ગામ તરફ જવાના હાઈવે પર એગવર્લ્ડ નોનવેઝ નામની ઈંડાની દુકાનમાંથી ૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો હતો. પોલીસે ૪૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલા બસ સ્ટેશન પાસેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાંડની ૪ બોટલ મળી કુલ રૂ. ૧૧૨૦નો મુદ્દામાલ મળ્યો હતો. પોલીસે બંને પાસેથી મળી ૫૨૭૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. જિલ્લામાં ૧૨ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ખડાધાર ચેકપોસ્ટ પરથી ત્રણ, પટવા, ત્રંબોડા, અડતાળા અને હરસુરપુર દેવળીયા ગામેથી એક-એક મળી કુલ સાત ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

સંકુલ ઉ.મા. સાયંસ - GM ગર્લ્સ A & B ગૃપ
EM ગર્લ્સ B ગૃપ - GM કુમાર B ગૃપ
★ ધો. ૧૧-૧૨ સાયંસ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયોલોજી – મેથ્સ પ્રવેશ ચાલુ
★ ધો. ૧૧-૧૨ સાયંસ ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયોલોજી પ્રવેશ ચાલુ – મેથ્સ ચાલુ સાલ થી બંધ થશે.
★ ધો. ૧૧ સાયંસ નવી કુમાર શાળા ગુજરાતી મિડીયમ બાયોલોજી પ્રવેશ ચાલુ – મેથ્સ Next Year થી શરૂ થશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 014

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# અમરેલીના નવા ખીજડીયા ગામે ખેતરની વાડમાં આગ, કોઈ જાનહાનિ નહી



અમરેલી,તા.૧

અમરેલી જિલ્લાના નવા ખીજડીયા મુકામે ખેતરની વાડમાં અચાનક આગ લાગવાની ઘટના બનતા તાત્કાલિક આ અંગે અમરેલી ફાયર કચેરીને જાણ કરવામાં આવી હતી.

આગ લાગવા અંગે ફોન આવતા ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની રાહબરી નીચે હિંમતભાઈ બાંભણિયા, પારસભાઈ પરમાર અને કરનદાન ગઢવી સહિત અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમે તુરંત ઘટના સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યુ છે.

# અમરેલી નગરપાલિકા દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાશે

અમરેલી તા૧

અમરેલી લોકસભા સીટ પર વધુમાં વધુ મતદાન થાય તે અંગે અમરેલી નગરપાલિકા દ્વારા અવનવા કાર્યક્રમ યોજી મતદારોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત બીજી મેના રોજ સિનિયર સિટીઝન પાર્ક ખાતે કબડ્ડી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.કે.પટેલે જણાવ્યું કે અમરેલી શહેરમાં ૭મી મેના રોજ યોજાઈ રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો જાગૃતિ દાખવી મતદાન કરે તે દિશામાં દરરોજ અવનવા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે તા.૨ જી મેના રોજ સાંજના છ કલાકે અમરેલી ફોરવર્ડ સ્કૂલ સામે આવેલ સિનિયર સિટીઝન પાર્ક ખાતે કબડ્ડી સ્પર્ધાનું ભવ્ય આયોજન કર્યુ છે. જેમાં શહેરીજનોને પોતાની નૈતિક ફરજને ઉજાગર કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# રાજુલા નાગરિક બેંક દ્વારા લોન ખાતેદારને વીમા સહાયની રકમ ચૂકવવામાં આવી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧

રાજુલા શહેરના કટલેરી હોજીયરીના હોલસેલ વેપારી મનીષભાઈ કાનાબારની દુકાનમાં આકસ્મિક આગ લાગવાથી તેમના માલ સ્ટોકનું મોટા પાયે નુકસાન થવા પામ્યું હતું. ભોગ બનનાર વેપારીનું રાજુલા નાગરિક બેંકમાં સીસી લોન ખાતું છે. બેંક દ્વારા સીસી લોનના તમામ ખાતામાં વીમો લેવામાં આવે છે, જે અન્વયે બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા તથા વાઈસ ચેરમેન દિનેશભાઈ પારેખ અને સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા વેપારીને રૂબરૂ બેંકમાં બોલાવી તેના માલ સ્ટોકની નુકસાનીના વળતરની રકમ રૂ. ૧૦૧૯૦૦૦નો ચેક તેમને બેંક દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

# સા.કુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૧

સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે આવતીકાલ તા. ૩ ને શુક્રવારના રોજ ૩૨૭મો વિનામૂલ્યે મહા નેત્રયજ્ઞ નેત્રમણી સાથેનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પનો સમય સવારે ૯ થી ૧૨ કલાક સુધીનો છે. આ કેમ્પના મુખ્ય દાતાઓના સહયોગથી યોજાનારા આ કેમ્પના મુખ્ય આયોજક શાસ્ત્રી ભગવતપ્રસાદ દાસજી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા છે. ઉલ્લેખનીય છે કે ધાર્મિક સામાજિક અને શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા અને અમરેલી જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ દ્વારા સેવાકીય વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે તે પૈકી આ કેમ્પનું આયોજન કરેલ છે. તો વધારેમાં વધારે જરૂરીયાતમંદ દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# ડુંગર ગામે ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા જવાની ના પાડતાં કુહાડી-ધારીયાથી હુમલો કર્યો

## બંને પક્ષોએ જાનથી મારવાની ધમકીની સામસામી ફરિયાદ નોંધાવી

ડુંગર, તા.૧

રાજુલાના ડુંગર ગામે ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા જવા મુદ્દે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી અને બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. નટુભાઈ છગનભાઈ ટોપરાણીએ વિશાલભાઈ રમેશભાઈ ટોપરાણી, કિરીટભાઈ રમેશભાઈ ટોપરાણી તથા હંસાબેન રમેશભાઈ ટોપરાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના નાના ભાઈ હરેશભાઈ તથા તેમના પત્નીએ તેના મોટા ભાઈ રમેશભાઈના ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા જવાની ના પાડી હતી. જેનું મનદુ:ખ રાખી કુહાડી તથા ધારીયા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ગાળો બોલી મુંઢમાર માર્યો હતો અને તેમના રહેણાંક મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ વિશાલભાઈ રમેશભાઈ ટોપરાણી (ઉ.વ.૨૫)એ હર્ષાબેન હરેશભાઈ ટોપરાણી, હરેશભાઈ છગનભાઈ ટોપરાણી, હસમુખભાઈ છગનભાઈ ટોપરાણી તથા નટુભાઈ છગનભાઈ ટોપરાણી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે હર્ષાબેન તથા હરેશભાઈને ટ્રેક્ટરમાં ડુંગળી ભરવા કામે આવે ત્યારે છોકરા સાથે નહી લાવવા જણાવ્યું હતું. જેનું મનદુ:ખ રાખી તેઓ તેમને માર મારવાની વાતો કરતા હોય જે બાબતે તેની માતાએ ઠપકો આપતા સારૂ નહોતું લાગ્યું. જેને લઈ તેમને તથા તેના માતાને ગાળો આપી મુંઢમાર માર્યો હતો અને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ચાવંડ ગામે ચેકપોસ્ટ પાસેથી કતલખાને ધકેલાતાં ૯ જીવ બચાવાયા

લાઠી, તા.૧

લાઠીના ચાવંડ ગામે ચેકપોસ્ટ પરથી પોલીસે કતલખાને ધકેલાતાં ૯ જીવને બચાવ્યા હતા. પશુઓને ક્રુરતા પૂર્વક ભરી પશુઓ માટે કોઈ ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ન કરી પશુ પ્રત્યે ઘાતકી પણુ દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી મળી આવ્યા હતા. અમરેલીમાં રહેતા ઈરફાનભાઈ ઈકબાલભાઈ કુરેશી (ઉ.વ.૨૬) વિના પાસ પરમીટે પોતાના હવાલા વાળા ટ્રક રજી. નં.**GJ-૦૧-ET-૬૧૨૨** માં ભેંસો જીવ નંગ-૮ કુલ કિં.રૂ.૮૦,૦૦૦, પાડો જીવ નંગ-૧ કિં.રૂ.૮૦૦૦ તથા ટ્રકની કિં.રૂ.૫,૦૦,૦૦૦ ગણી કુલ કિં.રૂ.૫,૮૮,૦૦૦નો મુદ્દામાલ લઈ જતા ઝડપાયા હતા. જેને કબ્જે કરી લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# હાથસણી ગામે કોન્ટ્રાક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૧

સાવરકુંડલાના હાથસણી ગામે પાણી પુરવઠા હેડ વર્ક્સ સ્ટેશન પાસે કોન્ટ્રાક્ટર પાસેથી બળજબરીથી પૈસા કઢાવી લેવા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જેસરમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો ધંધો કરતા જીવાભાઈ ઉર્ફે મુન્નાભાઈ દેહુરભાઈ ભુવા (ઉ.વ.૩૫)એ મેવાસા ગામના દિલીપભાઈ ગંભીરભાઈ ખુમાણ તથા પીઠવડીના વનરાજ કાઠી અને અજાણ્યા સાત ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી ત્રણ ફોરવ્હીલ વાહનમાં હાથસણી ગામે પાણી પુરવઠાના હેડ વર્ક્સ સ્ટેશને આવી તેમને તથા સાહેદોને ગાળો આપી છરી બતાવી કાંઠલા પકડી નીચે પાડી દીધા હતા.

ઉપરાંત આ વિસ્તારમાં જેટલુ કામ થાય તેમાં એક મીટરે રૂ.૨૦ લેખેના પૈસા બળજબરીથી કઢાવી લેવા માટે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. એલ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ૭ મેના રોજ અવશ્ય મતદાન કરવા ધ્રુફણિયા ગામના દિવ્યાંગ ધવલ મકવાણાની અપીલ

દામનગર,તા.૧

આગામી ૭ મેના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. રાજ્યમાં સુરતની લોકસભા બેઠક બિનહરીફ જાહેર થતાં કુલ ૨૫ સીટ પર મતદાન થવાનું છે. ત્યારે આ અવસરે ધ્રુફણિયા ગામના દિવ્યાંગ ધવલ મકવાણાએ અવશ્ય મતદાન કરવાની અપીલ કરી છે. આ મહા અવસરને દિપાવવા લાઠી તાલુકાના દામનગર તાબાનાં



ધ્રુફણિયા ગામના દિવ્યાંગ ધવલભાઈ ભીખાભાઈ મકવાણાએ પ્રચાર માધ્યમોમાં નમ્ર અપીલ કરી છે.

# બ્રહ્માકુમારીઝ-અમરેલી દ્વારા બાળકો માટે દિવ્ય સંસ્કાર કેમ્પ યોજાશે

અમરેલી,તા.૧

બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન ગ્રીનપાર્ક સોસાયટી કેરીયારોડ અમરેલી ખાતે તા.૫ થી ૧૦ મે સુધી ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે ઉનાળાના વેકેશનનો સદ્ઉપયોગ થાય તે હેતુથી દિવ્ય સંસ્કાર સમર કેમ્પનું આયોજન સાંજે ૫ વાગ્યાથી સાંજના ૬:૩૦ કલાક સુધી કરવામાં આવેલ છે. કેમ્પમાં બાળકોને મેડીટેશન, આધ્યાત્મિક જ્ઞાન શીખવવામાં આવશે. સાથે સાથે જ્ઞાન ગમ્મતની અલગ અલગ રમતો રમાડવામાં આવશે. આંતરિક વિકાસ માટે વીડિયોથી જ્ઞાન, શારીરિક તંદુરસ્તી માટે કસરત, ડાન્સ એકટીવીટી તથા રોજરોજ જુદો જુદો સાત્વિક પ્રભુપ્રસાદ આપવામાં આવશે તો સંસ્કાર ઘડતર માટે કોઈપણ જાતની ફી વગર ખાસ બાળકોને કેમ્પમાં ભાગ લેવા ઈશ્વરીય આમંત્રણ છે. તો આજે જ આપનું નામ મો. નં. ૮૩૨૦૦ ૭૫૩૩૪ પર લખાવો તેમજ રૂબરૂ બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન ગ્રીનપાર્ક સોસાયટી કેરીયારોડ અમરેલી ખાતે પણ નામ લખાવી શકશો. બાળકોએ નોટ, પેન ફરજિયાત સાથે લાવવા. તા. ૫ મેના રોજ સાંજે ૫ વાગે આ કેમ્પનું ઉદ્‌ઘાટન થશે તેમ મુખ્ય સંચાલિકા ગીતાદીદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૦૨-૦૫-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૩૯,
સૂર્યાસ્ત-૦૬:૫૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર

મેષ: પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા થશે. ભૂતકાળમાં થયેલા કોઈપણ કામોને લીધે સમાજમાં તમારું માન વધશે.

વૃષભ: આજનો દિવસ તમારો ચપળતાથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ રાખશે.

મિથુન: તમારા માટે આજનો દિવસ સફળ રહેશે, બાળકોની કારકિર્દી વિશેની ચિંતાઓ તમને થોડુંક દોડાવી શકે છે.

કર્ક: આજે શરૂઆતમાં તમને નવા કાર્યમાં થોડી અડચણ અનુભવાશે, પરંતુ થોડા સમય પછી તમે જોશો કે તમે કામ કર્યું છે.

સિંહ: અધિકારીઓની મદદથી ઓફિસમાં તમામ પ્રકારની અડચણો દૂર થશે, સાથીદારો તમારા કામથી પ્રભાવિત થશે.

કન્યા: આ દિવસે તમે જે પણ કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે, પરંતુ તમે જે પણ કામ એકાગ્રતા સાથે કરશો તેમાં વિજય ચોક્કસ જ મળશે.

તુલા: આજે તમે સવારથી વ્યસ્ત રહેશો. ઘરે તમને થોડા દિવસો પહેલા કંઈક ખોવાઈ ગયેલું મળી શકે છે. લાંબા સમય પહેલા કોઈને આપેલા પૈસા આજે પરત આવશે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

ધન: આર્થિક દ્રષ્ટિકોણથી આજનો દિવસ નિરાશાજનક રહેશે. ક્રોધ પર નિયંત્રણ નહીં હોવાને કારણે પોતાનું નુકસાન થઈ શકે છે.

મકર: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. પરંતુ સાથીદારોનું સમર્થન મુશ્કેલ બનશે.

કુંભ: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તે ખૂબ સારું પરિણામ લાવશે. જીવનસાથી સાથે મુસાફરી કરશો અને તેનાથી તમારી ખુશી બમણી થઈ જશે.

મીન: ધંધામાં કોઈ ડીલ કે વ્યવહાર કરતી વખતે ટેન્શન ના લો. વધતા ખર્ચને નિયંત્રિત કરવું મુશ્કેલ બનશે, પરંતુ થોડી ઇચ્છાશક્તિ બધું શક્ય બનાવશે.

# અમરેલી લોકસભાની ચૂંટણી માટે ટપાલ મતદાન પ્રક્રિયાનો પ્રારંભ

અમરેલી,તા.૧

અમરેલી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણી ફરજ બજાવનારા ઉપરાંત આવશ્યક સેવા સાથે સંલગ્ન અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેના મતાધિકારનો ઉપયોગ થાય અને તે મતદાન કરી શકે તે હેતુથી આજથી ટપાલથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમરેલી લોકસભા



મતવિસ્તારમાં સમાવિષ્ટ ૯૪-ધારી, ૯૫-અમરેલી, ૯૬-લાઠી, ૯૭-સાવરકુંડલા, ૯૮- રાજુલા, ૯૯-મહુવા,૧૦૧-ગારિયાધાર વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી ફરજ પરના ૪,૫૮૧ અધિકારીઓ-કર્મચારીઓ માટે ફોર્મ નં.૧૨ ના આધારે પોસ્ટલ બેલેટથી મતદાન પ્રક્રિયા યોજવામાં આવેલ છે. આજે આ લોકસભા મતવિસ્તારમાં આવતી તમામ વિધાનસભા મતવિસ્તારના સુવિધા કેન્દ્ર ખાતે ટપાલથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. આ મતદાન પ્રક્રિયા આગામી તા.૦૨ મે,૨૦૨૪ સુધી યોજાશે.

# અમરેલીમાં શરબત અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું




અમરેલી,તા.૧

અમરેલીના રાજકમલ ચોકમાં વિશ્વ સેવા દિવસ નિમિત્તે મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા ચૈત્ર માસના બળબળતા અને ધોમધખતા તાપમાં શરબત અને ઠંડી છાશ વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો. કોઈપણ જાતના નાતજાતના ભેદભાવ વગર બહોળી સંખ્યામાં રાહદારીઓએ શીતળ છાશ-શરબત પીધુ હતું.

# વલારડી ગામે એંઠવાડ નાખવા મુદ્દે બે પક્ષોમાં બઘડાટી બોલી

બાબરા, તા.૧

બાબરાના વલારડી ગામે એંઠવાડ નાખવા મુદ્દે બે પક્ષોમાં બઘડાટી બોલી હતી. રમેશભાઈ ખોડાભાઈ પરમાર (ઉ.વ.૩૬) એ જયદીપભાઈ દિનેશભાઈ મકવાણા, દેવુબેન દેવશીભાઈ પરમાર, દિપકભાઈ ખાણીયા, પરેશભાઈ દેવશીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ દેવુબેન તેમના ઘરની બાજુમાં કચરો નાખ્યાનો આક્ષેપ કરી તેમને જેમફાવે તેમ ગાળો આપતા હતા. જેથી તેમને સમજાવવા જતાં ગાળો આપી મુંઢમાર માર્યો હતો અને હવે પછી એંઠવાડ નાખીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.આર.ડેર વધુ તપાસ કરી રહ્યા છે. જે બાદ દિપકભાઈ સુરેશભાઈ ખાણીયા (ઉ.વ.૨૦)એ રમેશભાઈ ખોડાભાઈ પરમાર તથા ભારતીબેન રમેશભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેઓ સાહેદ દેવુબેનને એંઠવાડ નાખવા મુદ્દે ઠપકો આપવા આવ્યા ત્યારે આરોપીએ ઉશ્કેરાઈને બેટ વડે મુંઢ ઈજા પહોંચાડી હતી અને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય. આર.ડેર બંને કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં સમર્પણ ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા પાણીની અવેડી, કુંડાનું વિતરણ કરાયું



સાવરકુંડલા, તા.૧

મુંગા અબોલ જીવો માટે છેલ્લા ૧૪ વર્ષથી નિષ્કામ ભાવે સેવા કરતી સમર્પણ ગૌસેવા સમિતિ (આઈ.સી.યુ. સેન્ટર) સાવરકુંડલા દ્વારા આ ઉનાળાની કાળઝાળ ગરમીમાં દાતાઓના સ્વૈચ્છિક આર્થિક સહયોગથી પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ગૌમાતા માટે પાણીની અવેડીનું વિનામૂલ્યે વિતરણ ૨૮/૦૪/૨૦૨૪ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમા વાંકિયા આશ્રમના સંત આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ૧૦૦૮ હરીહરાનંદ ભારતી મહારાજ, નાના જીજુંડા મોમાઈ માતાજી મઢના સંત મસાપીરની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં જીવદયા પ્રેમી ભાઈઓ તથા બહેનો હાજર રહયા હતા. આ કાર્યક્રમમાં ગાયો માટે ૨૮ પાણીની અવેડી તથા પક્ષીઓ માટે ૩૩૨ પાણીના કુંડાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.

તંત્રી લેખ

# શરણાર્થીઓનો માનવીય પ્રશ્ન

પેલેસ્ટાઈનથી માંડીને અફઘાનિસ્તાન અને અફઘાનિસ્તાનથી માંડીને બાંગ્લાદેશ સહિતના દેશોમાં લાખો લોકો બાજુના દેશમાં સરહદ પાર જઈને શરણાર્થી બની રહ્યા છે આ પ્રશ્ન માત્ર દક્ષિણ એશિયાનો જ નથી પરંતુ યુરોપના દેશોમાં પણ આ બની રહ્યું છે. યુક્રેન યુદ્ધ તથા ખાડી યુદ્ધના કારણે પણ લાખો લોકો બેકાર બન્યા છે, શરણાર્થી બન્યા છે. અફઘાનિસ્તાનમાં તાલીબાન સરકાર આવી અને લોકો પર અત્યાચારો વધવા માંડ્યા એટલે ત્યાંથી લાખો લોકો અફઘાનિસ્તાન છોડીને પાકિસ્તાનમાં આવી ગયા આવા ૧૭ લાખ લોકો મજબૂરીથી પાકિસ્તાનમાં આવ્યા છે. આ બાજુ પાકિસ્તાનની આર્થિક હાલત માની ન શકાય તેટલી ખરાબ છે જ્યાં ખાવાના સાંસા છે ત્યાં ૧૭ લાખ લોકોનું ભરણપોષણ કેમ કરવું તે એક મોટો પ્રશ્ન છે આથી પાકિસ્તાનની તે સમયની સરકારે આ શરણાર્થીઓને પાછા ધકેલી દેવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા પરંતુ તેમાં પૂરેપૂરી સફળતા મળી નથી. આ એક માનવીય પ્રશ્ન છે યુનાઈટેડ નેશન્સ અને અફઘાનિસ્તાનના તાલીબાનોએ પાકિસ્તાનને જણાવ્યું કે આ લોકોને પાછા ધકેલી દેવા એ વાજબી નથી પરંતુ પાકિસ્તાનની દલીલ એવી છે કે અહીં લોકોની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે, લોકો પાસે રોજગારી નથી, પાસે પૈસા નથી, ચીજવસ્તુના ભાવ આસમાને છે, ખાવાના સાંસા છે ત્યાં ૧૭ લાખ શરણાર્થીઓને અમે કેવી રીતે સાચવી શકીએ ? આથી તેને પાછા જવું પડશે. આમ છતાં હજી પાકિસ્તાનમાં લાખોની સંખ્યામાં આ શરણાર્થીઓ રહે છે જેને કાઢી મુકવા માટે પાકિસ્તાન પ્રયાસો કરી રહ્યું છે તેનું મુખ્ય કારણ એ છે કે પાકિસ્તાનની આર્થિક હાલત દિવસે દિવસે વધુ ને વધુ ખરાબ થતી જાય છે તેમાં વધારાનો બોજો કોઈ સંજોગોમાં માથે લેવા તૈયાર નથી. આ માનવીય પ્રશ્ન છે પરંતુ પ્રશ્ન ખાધા ખોરાકીનો છે પાકિસ્તાન પોતે ભૂખમરો વેઠી રહ્યું છે ત્યારે લાખો શરણાર્થીઓનું પાલનપોષણ કેમ કરવું તે મોટો એક પ્રશ્ન છે. આથી પાકિસ્તાનની સરકાર આ શરણાર્થીઓને પાછા ધકેલી દેવાના પ્રયાસો કરે છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનને કહ્યું હતું કે, તમે જે કરો છો એ વાજબી નથી. યુનાઈટેડ નેશન્સ અને દુનિયાની માનવ અધિકાર સંસ્થાઓએ પણ પાકિસ્તાનને વિનંતી કરી હતી કે, લાખો લોકોની જિંદગીનો સવાલ છે, આમ ઓચિંતા લોકોને સ્થળાંતર માટે મજબૂર કરવા યોગ્ય નથી. અફઘાનિસ્તાનના શરણાર્થીઓએ તો એ પહેલાં જ પોતાનાં બિસ્તરા-પોટલા સંકેલવાનું શરૂ કરી દીધું હતું. પાકિસ્તાનના કરાચી શહેરમાં આવેલા સોહરાબ ગોથ વિસ્તારમાં સૌથી વધુ અફઘાન શરણાર્થીઓ રહે છે. એ સિવાય અફઘાન બોર્ડરના નજીકના પાકિસ્તાનનાં ગામોમાં પણ શરણાર્થીઓ છે. એ બધા હવે અફઘાનિસ્તાન પાછા ફરી રહ્યા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને જોડતી તોરખમ અને ચમન બોર્ડર પર લોકોના ટોળા જામેલા છે. બે લાખ જેટલા લોકો અફઘાનિસ્તાનમાં આવી ગયા છે અને બીજા લોકો વાહન કે બીજી કોઈ વ્યવસ્થા થવાની રાહ જુએ છે. અફઘાન શરણાર્થીઓ કહે છે કે, અમને ખબર નથી, અમારું શું થશે, અમારી પાસે પાછા ફરવા સિવાય કોઈ રસ્તો જ નથી! પાકિસ્તાનમાં ૧૭ લાખ જેટલા અફઘાન શરણાર્થીઓ રહે છે. આ તો સત્તાવાર આંકડો છે. બિનસત્તાવાર સંખ્યા તો તેનાથી બમણી કરતાં પણ વધુ હોવાનું માનવામાં આવે છે. અફઘાનિસ્તાનના શરણાર્થીઓ પાકિસ્તાનમાં પણ કંઈ સુખી કે ખુશ તો નહોતા જ, અફઘાનિસ્તાનની અનિશ્ચિતતાએ તેમને પોતાનો દેશ છોડવા મજબૂર કર્યા હતા.

# વિશ્વનો ૯૦ ટકા વ્યાપાર સમુદ્ર માર્ગે થાય છે જે રોડ પરિવહન કરતા આર્થિક રીતે સસ્તો છે !




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અેક સમયે સઢવાળા દેશી વાહનો દ્વારા માલનું પરિવહન થતું અને તેમાં પ્રદૂષણ નહિવત થતું હતું પરંતુ કોલસા અને ડીઝલથી ચાલતા સમુદ્રી જહાજોમાં પ્રદૂષણનું પ્રમાણ વધારે છે આ ઘટાડવા માટે હવે ડીઝલને બદલે મેથેનોલ આધારિત બનાવવામાં આવ્યું છે જેનાથી પ્રદૂષણ ઓછું થાય છે. ડીઝલ ચાલીત સમુદ્રી જહાજો જ્યારે માલનું પરિવહન કરે છે ત્યારે તેમાં પ્રદૂષણ ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે છે કે દુનિયામાં જે પ્રદૂષણ થાય છે તેના ત્રણ ટકા પ્રદૂષણ આ જહાજો દ્વારા થાય છે આ પ્રદૂષણ ઘટાડવા માટે ડીઝલને બદલે મેથેનોલનો ઉપયોગ થઈ શકે તેવા એન્જિન વિકસિત કરવામાં આવ્યા છે આવા મરીન એન્જિનો મોટા જહાજોમાં લગાડી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. રોડ પર જ્યારે વજનદાર ટ્રકમાં ૨૦ ટન કે તેથી વધુ સામાન ભરીને લઈ જવામાં આવે છે ત્યારે તેમાં વધુ ઈંધણ વપરાય છે પરંતુ આના કરતા ૪૦૦ કે ૫૦૦ ગણો માલ જો સમુદ્રી જહાજમાં લાદવામાં આવે તો આમાં ઓછું બળતણ વપરાય છે કારણ કે રોડ પર જ્યારે વાહન ચાલે છે ત્યારે વારંવાર બ્રેક મારવી પડે છે અને ઈંધણ વધુ વપરાય છે આવી રીતે મોટાભાગની ઉર્જા એન્જિનના તથા રોડના પૈડા સાથેના સંઘર્ષમાં વપરાઈ જાય છે ત્યારે સમુદ્રી જહાજ પાણી પર તરે છે ત્યારે તે પ્રોપેલરથી આગળ વધે છે. પ્રોપેલર એટલે જહાજના પાછળના છેડે લગાડેલો જંગી પંખો આ પંખો ફરે અને પાણી પાછળ ધકેલાય અને જહાજ આગળ ચાલે છે આમાં ખૂબ જ મોટું વજન હોવા છતાં ખૂબ સહેલાઈથી જહાજ આગળ વધે છે અને ઊર્જા ઓછી વપરાય છે આથી આજે વિશ્વની અંદર ૫૦,૦૦૦ કરતાં વધારે જહાજો સમુદ્ર માર્ગે માલનું પરિવહન કરી રહ્યા છે. આજે વિશ્વમાં ૫૪૦૦૦ થી વધુ કન્ટેનરશિપ કાર્યરત છે. વિશ્વનો ૯૦ ટકા વૈશ્વિક વેપાર સમુદ્રી જહાજો દ્વારા ચાલી રહ્યો છે. જગતમાં ૩% ગ્રીન હાઉસનો ગેસ કાર્ગો શિપિંગને કારણે ઉત્પન્ન થાય છે આ પ્રદૂષણ ઘટાડવા માટે મેથેનોલથી ચાલતા જહાજો કાર્યરત થઈ રહ્યા છે. સમુદ્રી જહાજોથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે ૧૨૫ કરતાં વધારે મેથેનોલ જહાજનું બાંધકામ શરૂ થઈ ચૂક્યું છે. આ જહાજ ડીઝલથી નહીં પણ મેથેનોલથી ચાલશે જેને કારણે ડીઝલથી જે પ્રદૂષણ થાય છે તેના કરતાં આ જહાજોથી પ્રદૂષણનું પ્રમાણ મોટા પ્રમાણમાં ઘટાડી શકાય છે. તો વિશ્વના અન્ય દેશોમાં પવન ઊર્જાનો ઉપયોગ કરીને મોટા જહાજોને ચલાવવા માટેના સફળ પ્રયોગો થઈ ચૂક્યા છે. સમુદ્રમાં જહાજો મારફતે માલસામાનની હેરફેરથી પ્રદૂષણ ફેલાય છે. સમગ્ર વિશ્વમાં અંદાજે ૩% ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન માટે કાર્ગો શિપિંગ ઈન્ડસ્ટ્રી જવાબદાર છે.


આ ઈન્ડસ્ટ્રી વાર્ષિક અંદાજે એટલા કાર્બનનું ઉત્સર્જન કરે છે, જેટલું ગ્લોબલ એવિએશન ઈન્ડસ્ટ્રી પેદા કરે છે. પરંતુ આ પ્રદૂષણના ઉકેલ માટે કોઈ નિશ્ચિત સમાધાન મેળવવું ખૂબ જ પડકારજનક છે. કેટલાક જહાજો સદીઓ જૂની રીત અપનાવી રહ્યા છે. તેઓ હવાની તાકાતનો ઉપયોગ કરે છે. પરંતુ કાર્ગો જહાજોને ઉર્જાના એવા શક્તિશાળી સ્ત્રોતની જરૂર હોય છે, જે જહાજને એક જ વારમાં અડધા વિશ્વને આવરી લેવાની શક્તિ પૂરી પાડે. કાર- ટ્રકની માફક તેને બેટરીથી સંચાલિત ન કરી શકાય કારણ કે સમુદ્રમાં લાંબી સફર પર નીકળેલા જહાજને વારંવાર રિચાર્જ કરવાની સુવિધા મળી શકતી નથી. આ દૃષ્ટિએ, સ્વચ્છ ઈંધણની જરૂર હોય છે, જે પોર્ટેબલ હોય. હવે જહાજોના પ્રદૂષણને રોકવા માટે પણ પ્રયાસો થવા લાગ્યા છે. ઉદાહરણ તરીકે ૧૪ સપ્ટેમ્બરના રોજ કોપનહેગનમાં બંદર પર હજારો લોકો લોરા મર્સ્કનું સ્વાગત કરવા માટે એકત્ર થયા હતા. લોરા કોઈ યુરોપના અતિથિ નથી, પરંતુ દિગ્ગજ ડેનિશ કંપની મર્સ્કનું વિશાળ કન્ટેનર જહાજ હતું, જેની ઊંચાઈ અંદાજે ૧૦૦ ફૂટ હતી. તે ગ્રીન ફ્યૂલ મેથેનોલ એન્જિનથી સંચાલિત દુનિયાનું પહેલું કન્ટેનરશિપ છે. તેને કાર્બન ઉત્સર્જનમાં જહાજોની ભૂમિકાને ઘટાડવાના ગ્લોબલ શિપિંગ ઈન્ડસ્ટ્રીના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. તે મર્સ્કે લોરાને એક ખાસ પ્રકારના એન્જિન સાથે તૈયાર કર્યું છે, જે બે પ્રકારના ઈંધણથી ચાલી શકે છે. તેમાંથી એક કાળું ચિકણું તેલ છે, જેનો ઉપયોગ એક સદીથી જહાજ ચલાવવામાં થાય છે. પરંતુ તેને ગ્રીન મેથેનોલમાં સ્વિચ કરીને દૈનિક ૧૦૦ ટન ઓછા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન કરશે, જે ૮,૦૦૦ કારના ઉત્સર્જનની બરાબર છે. મર્સ્ક અને અન્ય શિપિંગ કંપનીઓએ ગ્લોબલ શિપયાર્ડ્સને મેથેનોલથી સંચાલિત ૧૨૫ જહાજના ઓર્ડર આપ્યા છે. તે મહાસાગરોમાં ચાલતા ૫૦ હજારથી વધુ કાર્ગો શિપ્સનો એક નાનકડો હિસ્સો છે, જેમને સહારે અંદાજે ૯૦% વૈશ્વિક વેપાર થાય છે. ગ્રીન મેથેનોલનું માર્કેટ પણ પ્રારંભિક અવસ્થામાં છે અને એ વાતની કોઈ ગેરંટી નથી કે માલવાહક જહાજોના વિશાળ બેડાને શક્તિ આપવા માટે નવું ઈંધણ પર્યાપ્ત માત્રામાં યોગ્ય કિંમત પર ઉપલબ્ધ થઈ જાય. આધુનિક માલવાહક જહાજોનો આકાર સતત મોટો થઈ રહ્યો હોવાથી તે સંભવ બન્યું છે. અહીં મહત્વની વસ્તુ એ છે કે માલનું પરિવહન ટ્રકના પરિવહન કરતાં વધુ કિફાયતી છે. કન્ટેનર જહાજો મારફતે દુનિયાભરમાં અડધા રસ્તા સુધી સામાન લઈ જવા માટે પૂરા અમેરિકામાં ટ્રકથી માલના પરિવહનની તુલનામાં તેનાથી ઓછું પ્રદૂષણ ફેલાય છે. આધુનિક માલવાહક જહાજોનો આકાર સતત મોટો થઈ રહ્યો હોવાથી તે સંભવ બન્યું છે. અત્યારના સમયનું સૌથી મોટું કન્ટેનરશિપ એરક્રાફ્ટ કેરિયરથી પણ મોટું છે. દરેક માલવાહક જહાજ ૨૦,૦૦૦થી વધુ મેટલ કન્ટેનર લઈ જવા માટે સક્ષમ છે.

જો એક સ્થળે એકત્ર કરાય તો તે અંદાજે ૧૨૧ કિલોમીટર લાંબી જગ્યા છે. પછીના સમયમાં આગામી ૧૦ વર્ષ પછી મોટાભાગના સમુદ્રી જહાજો પવન ઊર્જાથી અથવા મેથેનોલ જેવા બળતણથી ચાલતા હશે અને તે ઓછા ખર્ચે માલનું પરિવહન કરી શકશે. સમુદ્ર માર્ગે માલનું પરિવહન સહેલાઈથી અને ઝડપથી થાય છે દાખલા તરીકે ભાવનગરથી સુરત જવા માટે રોડ રસ્તે જો માલ મોકલવામાં આવે તો સમય વધુ લાગતો અને ડીઝલ પણ વધુ વપરાતું પરંતુ હવે રોપેક્સ રો રો સર્વિસ મારફતે જો ખટારામાં માલ ભરીને આ જહાજમાં ચડાવી દેવામાં આવે તો તે ઓછા ખર્ચામાં સામા કાંઠે પહોંચી જાય છે. સુરત પહોંચી જાય છે એમાં ખર્ચ ઓછો થાય છે, બળતણ ઓછું વપરાય છે તેમ જ રોડ એક્સિડન્ટની શક્યતા પણ નહીવત બની જાય છે. આમ સમુદ્ર માર્ગે થતું પરિવહન સરવાળે સસ્તું પડે છે

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૩૭ |
| ઘઉં લોકવન | ૪૯૩ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૪૫ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૭૦ | ૫૧૫ |
| તુવેર | ૧૯૩૦ | ૨૩૯૨ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૩૦૦ |
| અડદ | ૧૬૭૮ | ૧૯૪૪ |
| મગ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૮૧૫ |
| ચોળી | ૨૧૯૨ | ૨૪૦૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૧૫૨૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૬૮૦ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૩૨૫ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૮૨ |
| તલી | ૨૩૦૦ | ૨૬૮૦ |
| સુરજમુખી | ૪૫૦ | ૧૦૦૮ |
| એરંડા | ૯૮૫ | ૧૦૮૭ |
| અજમો | ૨૦૦૦ | ૩૦૨૫ |
| સુવા | ૧૧૮૦ | ૧૫૬૮ |
| સોયાબીન | ૮૨૫ | ૮૭૪ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૫૭૦ |
| કાળા તલ | ૨૯૪૦ | ૩૨૨૨ |
| લસણ | ૧૪૦૦ | ૩૨૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૮૨૫ | ૨૪૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૯૮૦ | ૧૭૬૦ |
| જીરૂ | ૩,૯૫૦ | ૪,૬૦૦ |
| રાય | ૧૧૪૦ | ૧,૩૯૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૮૮ |
| ઇસબગુલ | ૧૮૭૦ | ૨૨૮૦ |
| અશેરીયો | ૨૦૨૫ | ૨૦૨૫ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૫૦ |
| રાયડો | ૮૮૫ | ૯૮૧ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ગુવારનું બી | ૯૯૬ | ૯૯૬ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| શક્કરટેટી | ૨૫૦ | ૪૫૦ |
| તરબુચ | ૨૩૦ | ૪૨૦ |
| બટેટા | ૩૦૦ | ૫૫૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૨૯૦ |
| ટમેટા | ૧૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૭૦૦ | ૨૦૫૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૬૩૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| કારેલા | ૨૮૦ | ૫૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૮૦ |
| તુરીયા | ૨૫૦ | ૫૦૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૪૦ | ૩૫૦ |
| ગાજર | ૧૮૦ | ૨૬૦ |
| વટાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૨૦ | ૨૮૦ |
| બીટ | ૧૩૦ | ૨૬૦ |
| મેથી | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૯૫૦ | ૨૨૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૧૪૦૦ | ૩૪૫૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૨૦ |
| ગુંદા | ૫૦૦ | ૮૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૯ |
| શિંગ મઠડી | ૯૧૫ | ૧૧૯૧ |
| શિંગ મોટી | ૧૦૧૦ | ૧૨૧૭ |
| શિંગ ફાડા | ૧૩૯૫ | ૧૫૭૧ |
| તલ સફેદ | ૨૦૫૫ | ૨૭૩૦ |
| તલ કાળા | ૨૪૬૦ | ૩૦૮૯ |
| તલ કાશ્મીરી | ૩૧૫૫ | ૩૧૫૫ |
| બાજરો | ૩૪૫ | ૫૧૦ |
| જુવાર | ૩૦૦ | ૮૩૨ |
| ઘઉં ટુકડા | ૪૦૩ | ૬૬૮ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૯૬ |
| ચણા | ૭૦૦ | ૧૨૨૦ |
| ચણા દેશી | ૧૨૩૫ | ૧૩૪૦ |
| તુવેર | ૧૪૩૦ | ૨૩૧૫ |
| એરંડા | ૧૦૧૫ | ૧૦૪૯ |
| જીરું | ૪,૦૦૦ | ૪,૫૨૦ |
| રાયડો | ૭૫૦ | ૯૮૦ |
| રાઈ | ૭૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૯૦ | ૧૬૦૫ |
| ધાણી | ૧૨૦૦ | ૨૦૫૦ |
| અજમા | ૨૧૯૫ | ૨૧૯૫ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૮૩૨ | ૮૩૨ |
| મરચા લાંબા | ૬૩૦ | ૩૪૦૦ |
| વરીયાળી | ૧૧૯૦ | ૧૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૪૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૫૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દૂધી | ૧૬૦ | ૨૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૨૮૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૭૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૫૦ | ૫૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૫૦ | ૫૫૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગરમર | ૫૦૦ | ૭૩૦ |
| સરગવો | ૩૫૦ | ૪૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૬૦૦ |
| લસણ સૂકું | ૧૨૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૫૫૦ | ૨૫૫૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| ક કપાસ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| મગફળી મઠડી | ૯૦૧ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૧૩૪૨ | ૧૪૪૬ |
| મગફળી નવી | ૧૩૪૨ | ૧૪૪૬ |
| તલ | ૨૬૦૦ | ૨૭૮૧ |
| જીરૂ | ૨,૭૦૦ | ૪,૪૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૬ |
| બાજરો | ૪૩૦ | ૫૨૪ |
| જુવાર | ૪૫૦ | ૬૬૭ |
| મગ | ૧૬૦૦ | ૧૮૦૧ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૩૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| મેથી | ૮૪૧ | ૯૨૧ |
| રાયડો | ૮૫૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૩ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૦૯ | ૧૫૦૧ |
| ઘઉં | ૪૬૮ | ૫૬૦ |
| ચણા | ૧૧૫૯ | ૧૨૧૧ |
| જીરૂ | ૩૯૬૫ | ૪૨૨૫ |
| ધાણા | ૧૩૪૫ | ૧૬૭૫ |
| મેથી | ૯૫૬ | ૯૯૪ |
| એરંડા | ૧૦૧૬ | ૧૦૫૪ |
| **ધારી** | | |
| ઘઉં | ૧૦૩૦ | ૧૨૫૧ |
| ચણા | ૧૦૯૫ | ૧૧૮૦ |
| મગફળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| તુવેર | ૧૯૯૦ | ૨૦૬૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૭૮ |
| કપાસ | ૧૦૩૦ | ૧૨૫૧ |
| તલ | ૨૫૫૦ | ૨૫૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૧૨૫૦ | ૧૪૧૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૮૦ | ૧૨૨૬ |
| એરંડા | ૯૨૭ | ૧૦૬૬ |
| જુવાર | ૪૧૨ | ૯૧૪ |
| બાજરી | ૪૦૧ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૪૦ |
| મગ | ૧૬૯૨ | ૧૮૪૯ |
| ચણા | ૯૩૦ | ૧૩૦૫ |
| તલ | ૨૦૦૦ | ૨૭૨૭ |
| તુવેર | ૧૨૦૦ | ૨૧૯૬ |
| ડુંગળી લાલ | ૧૧૬ | ૨૭૩ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૮૪ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૫ |
| કપાસ શંકર | ૧૦૦૧ | ૧૪૧૧ |
| નાળીયેર | ૫૪૪ | ૧૭૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૧ |
| તુવેર | ૧૩૦૦ | ૨૧૦૧ |
| મગફળી | ૮૦૦ | ૧૧૮૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૮૦૦ | ૧૦૫૬ |
| તલ | ૧૮૦૦ | ૨૫૨૦ |
| મેથી | ૮૦૦ | ૯૨૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪,૨૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૬૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૦ |
| કપાસ | ૧૧૦૧ | ૧૪૯૧ |
| મગફળી જીણી | ૯૧૧ | ૧૪૪૬ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૫૧ |
| શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૬૩૧ |
| એરંડા | ૯૩૬ | ૧૦૯૬ |
| તલ | ૧૮૦૦ | ૨૬૦૧ |
| કાળા તલ | ૨૧૦૧ | ૩૦૨૬ |
| જીરૂ | ૩૩૦૧ | ૪,૬૬૧ |
| ઈસબગુલ | ૫૫૧ | ૧૮૫૧ |
| કલંજી | ૨૫૦૦ | ૩૯૧૧ |
| વરિયાળી | ૧૦૬૧ | ૧૩૭૬ |
| ધાણા | ૧૦૫૧ | ૧૯૫૧ |
| ધાણી | ૧૧૫૧ | ૨૧૦૧ |
| મરચા | ૭૫૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૬૫૧ | ૪૧૦૧ |
| લસણ | ૯૯૧ | ૩૦૫૧ |
| ડુંગળી | ૮૧ | ૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૪૮ |
| બાજરો | ૪૯૧ | ૪૯૧ |
| જુવાર | ૪૫૧ | ૮૧૧ |
| મકાઈ | ૪૪૧ | ૪૮૧ |
| મગ | ૧૨૪૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૬ |
| વાલ | ૫૦૧ | ૧૮૬૧ |
| અડદ | ૧૩૮૧ | ૧૭૧૧ |
| ચોળા/ચોળી | ૧૦૦૧ | ૧૭૦૧ |
| મઠ | ૧૦૨૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૨૧૧ | ૨૨૭૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૭૧ |
| રાયડો | ૯૦૧ | ૯૭૧ |
| રાઈ | ૧૧૩૧ | ૧૧૩૧ |
| મેથી | ૭૭૬ | ૧૨૪૧ |
| સુરજમુખી | ૯૮૧ | ૯૮૧ |
| વટાણા | ૧૦૮૧ | ૧૪૯૧ |
| ચણા સફેદ | ૧૨૪૧ | ૨૧૨૧ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૪ |
| તલ | ૨૭૫૦ | ૩૦૦૦ |
| બાજરો | ૪૭૧ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૦ |
| જુવાર | ૫૦૦ | ૮૪૦ |
| તુવેર | ૧૬૧૦ | ૧૮૭૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૩ |
| જીરૂ | ૪૩૦૧ | ૪૫૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૮૨૬ | ૮૩૧ |
| રાય | ૮૭૧ | ૯૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૨ | ૧૪૬૧ |
| ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ચણા | ૧૧૯૧ | ૧૨૪૫ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૫૧ |
| એરંડા | ૯૮૦ | ૧૦૫૦ |
| મેથી | ૯૪૬ | ૯૪૬ |
| તુવેર | ૧૮૬૦ | ૧૮૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| મગફળી | ૯૯૦ | ૧૦૯૦ |
| ઘઉં | ૩૮૦ | ૫૦૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૦ |
| ધાણા | ૧૧૬૫ | ૧૫૩૧ |
| મેથી | ૮૪૦ | ૯૦૦ |
| એરંડી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| રાઈ | ૯૫૧ | ૯૫૧ |
| શીંગ ફાડા | ૧૪૨૫ | ૧૫૦૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૨૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૧૨ |
| જુવાર | ૪૦૦ | ૬૪૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૭૦૦ |
| લસણ | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૫૦ | ૩૭૨ |
| મેથી | ૮૪૦ | ૯૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ડુંગળી | ૧૫૨ | ૧૫૨ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૦૯ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ધાણી | ૧૧૬૫ | ૧૫૩૧ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૨૫ | ૧૫૦૦ |
| બાજરો | ૩૬૫ | ૪૫૫ |
| ઘઉં | ૩૯૫ | ૫૫૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૨૦ |
| તુવેર | ૮૦૦ | ૨૦૯૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૨૦૦૦ | ૨૩૯૦ |
| વાલ | ૧૩૪૦ | ૧૬૦૫ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૧૨૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| રાયડો | ૮૪૦ | ૧૦૧૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| લસણ | ૧૦૫૦ | ૩૯૨૦ |
| જીરૂ | ૨,૬૦૦ | ૪,૭૨૫ |

## શબ્દ સંજોગ-૧૭૯૪



**આડી ચાવી :**
(૧) એક...ને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.. (૩)
(૩) એક દેવ (૩)
(૬) હવા, પવન (૩)
(૭) મઠાધિકારી (૩)
(૮) વ્યકિત (૨)
(૯) લક્ષ્મણ (૩)
(૧૧) તીર, સર (૨)
(૧૨) બંદૂકનો દારૂ રાખવાનો ડબો (૩)
(૧૩) રાત્રી ભોજન (૨)
(૧૪) પતિદેવના પિતા (૩)
(૧૬) ખાનાં ભરવામાં બેસાડવો પડે (૨)
(૧૮) સરોવર (૨)
(૧૯) શ્વાસનો એક રોગ (૨)
(૨૧) એક પશુ (૩)
(૨૩) હેં? (૧)
(૨૪) એક પક્ષી (૩)
(૨૬) પહેલવાન (૨)
(૨૭) ઢોર, પશુ (૪)
(૨૮) વૃત્તિ, મનનું વળવું તે (૩)

**ઉભી ચાવી :**
(૧) શાકમાં વપરાતું એક મૂળ (૨)
(૨) એક ફરસાણ (૩)
(૩) અર્થ, હેતુ (૪)
(૪)શાંત પડવું કે પાડવું તે (૩)
(૫) પાંદડાનો કરેલો થાળી જેવો આકાર (૪)
(૮) 'ઘરેણું', વસ્તુ (૩)
(૧૦) રાવણનો ભાઈ (૨)
(૧૨) નિશાન મારવા કિલ્લાની દીવાલમાં રખાતાં બાંકાં (૨)
(૧૩) તુવેરદાળ તો અહીંયાની (૩)
(૧૫) કમળ (૩)
(૧૭) આતો માસીના પતિ (૨)
(૧૮) ....તું ધીરે ધીરે ચલ... (૩)
(૨૦) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૨૨) વસ્ત્ર (૩)
(૨૪) વસ્તુનો છેડો, કિનાર (૨)
(૨૫) રામનો એક પુત્ર (૨)
(૨૬) ચાલીસ સેરનું તોલ (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૩ જવાબ

**આડી ચાવી:** (૧) નૈનિતાલ (૪) અભરાઈ (૬) યમ (૭) વારોવાર (૮) તકલાદી (૧૦) રતલામ (૧૩) સન (૧૪) ટીકી (૧૫) સમભાવ (૧૭) વાસો (૧૮) ગરમર (૨૦) અજ (૨૨) તક (૨૪) જોસ (૨૫) નાવિક (૨૬) નપા (પાન) (૨૭) ગલબો (૨૯) ટચ (૩૦) તરબતર.

**ઉભી ચાવી:** (૧) નૈયત (૨) નિમક (૩) લવાદી (૪) અવારનવાર (૫) ભરત (૯) લાગભાગ (૧૦) રનવાર (૧૧) લાટી (૧૨) મકી (કીમ) (૧૫) સનાતન (૧૬) વરજોગ (૧૯) મસલત (૨૦) અવિનીત (૨૧) જક (૨૩) કપાટ (૨૮) બોર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## સાવરકુંડલા શહેર, ગારીયાધાર - જેસરમાં કોંગ્રેસ કાર્યાલયનો પ્રારંભ

# અમરેલી લોકસભા વિસ્તાર ખૂંદતા જેનીબેન ઠુમ્મર

અમરેલી, તા.૧

લોકસભા ચૂંટણી અન્વયે મતદાન માટે હવે માત્ર ૬ દિવસ જ બાકી રહ્યા છે અને ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે અમરેલી લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત અમરેલી-મહુવા-ગારીયાધાર મત વિસ્તારમાં તથા સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. આ તકે ગારિયાધાર- જેસર વિસ્તારમાં પ્રવાસ દરમિયાન તેમણે રોડ શો યોજયો હતો અને જેસર-ગારીયાધારમાં કોંગ્રેસ કાર્યાલયનો પ્રારંભ કરાવ્યો હતો. જેનીબેને જણાવ્યુ હતું કે, આ વિસ્તારમાં ખેતી અને હીરા ઉદ્યોગ મુખ્યત્વે રોજગારી આપે છે ત્યારે સરકાર હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપે અને હીરા વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવે અને ખેતીમાં પાક વીમો પુનઃ શરૂ કરવામાં આવે તેમજ ખાતર અને બિયારણ પરનો ટેકસ નાબુદ કરવામાં આવે. વિધવા સહાય ૨૫૦૦ અને વૃધ્ધ પેન્શન સહાય ૨૫૦૦ કરવામાં આવે તેવી અમારી માંગ છે. આ સાથે સાવરકુંડલા કોંગ્રેસ કાર્યાલયનું







ઉદ્દ્ઘાટન ધીરૂભાઈ દુધવાળાના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ હસુભાઈ સુચક, તાલુકા કોંગ્રેસ પ્રમુખ દેવાણી, ચંદ્રેશભાઈ રવાણી, હાર્દિકભાઈ કાનાણી, ભરતભાઈ ગીડા સહિત વિશાળ સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લીલીયા અને સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રતાપભાઈ દુધાતે ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો, જેમાં બહેનોને વિનંતી કરી હતી કે મત દેવા જાવ ત્યારે ગેસના બાટલાને હાથ જોડીને જજો. આજે યુવાનો બેકાર છે, ખેડૂતોને ખાતર-બિયારણ મોંઘા થયા છે, ખેડૂતોની હાલત કફોડી છે ત્યારે લોકો જોઈ વિચારીને મત આપે તેવી મારી વિનંતી છે. પ્રતાપભાઈ દુધાત સાથે સાવરકુંડલા તાલુકા પ્રમુખ દેવાણી, લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવીયા, નીતિનભાઈ ત્રિવેદી, કાંતિભાઈ ડુંગરીયા, વિજયભાઈ કોગથીયા, ભીખાભાઈ દેવાણી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જગદીશભાઈ દેથલીયા, બહાદુરભાઈ બેરા, સામતભાઈ ચોથાભાઈ રાજુભાઈ, દિનેશભાઈ હાથીગઢ, ભોળાભાઈ દેવાણી, ભુપતભાઈ પટોળીયા, હરેશભાઈ ઢાંગલા ઓઘાભાઈ સનાળીયા, અલ્પેશભાઈ, ભુપતભાઈ ડેર, હરિભાઈ ચાવડા, નિલેશભાઈ મહેતા, દિલાવરભાઈ ફુલવાળા સહિતના આગેવાનો અને કાર્યકર્તા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

### જવતલીયા ભાઈને મત આપવા અનુરોધ કરાયો

# રાજકોટના ભાડલામાં પરેશ ધાનાણીનો બળદગાડામાં પ્રચાર

અમરેલી,તા.૧

રાજકોટ લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યાં છે. વાંકાનેર વિધાનસભા વિસ્તારના જોધપર ગામે સ્વાભિમાન સંમેલનમાં પોતાના અનોખા અંદાજમાં પરેશ ધાનાણીએ જાહેર જનતાને અનોખું દ્રષ્ટાંત આપી મતદાન કરવા અપીલ કરી વિશ્વાસ આપેલ કે “મારા વતી ક્યાંય જામીન થયા હશો ને, તમારી જામીનગીરી એળે નહિ જવા દઉં” આ વિશ્વાસ સાથે મતદારોને કોંગ્રેસ



તરફથી મતદાન કરવા અનુરોધ કર્યો હતો. રાજકોટના ભાડલા ગામે પરેશ ધાનાણીએ બળદગાડુ ચલાવીને ચૂંટણી પ્રચાર કર્યો હતો. તેમજ રાજકોટના રેલનગર ખાતે, ધર્મ રથના આગમન સમયે ક્ષત્રિય ભાઈઓ અને બહેનો દ્વારા લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરી જવતલિયા ભાઈ પરેશ ધાનાણીને સમર્થન કરવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.

---

# કેન્દ્રીય વિદ્યાલય -જેતપુરમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત

### વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ મેળવ્યાં




જેતપુર, તા.૧

કેન્દ્રીય વિદ્યાલય જેતપુરમાં વાર્ષિક સપોર્ટ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, બ્રોન્ઝ મેડલ મેળવીને કેન્દ્રીય વિદ્યાલયનું નામ રોશન કર્યુ હતું. રમત-ગમતમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા આપવામાં આવ્યા હતા.

---

### ચૂંટણી ફરજમાં રોકાયેલાઓને જાહેરનામુ લાગુ પડશે નહી

# જાહેરનામુ : અમરેલી જિલ્લામાં તા. ૧૫ સુધી સભા-સરઘસ પર પાબંદી રહેશે

અમરેલી,તા.૧

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા.૧ મે, ૨૦૨૪ થી તા.૧૫ મે, ૨૦૨૪ સુધી અમલી રહેશે. અમરેલી જિલ્લામાં સભા-સરઘસ કરવા, હથિયાર રાખવા, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત અમરેલી જિલ્લામાં સંબંધિત જે તે વિસ્તારના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. અમરેલીમાં ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને આ જાહેરનામાનો હુકમ લાગુ પડશે નહીં.

---

# ફાચરીયા (વંડા) ગામે રામજી મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

### ડાયરામાં પુનમબેન ગોંડલિયા સહિત કલાકરો રંગ જમાવશે

વંડા, તા.૧

સાવરકુંડલાના ફાચરીયા (વંડા) ગામે શુક્રવાર તા. ૩ મે, ૨૦૨૪ થી રવિવાર, તા.૫ મે, ૨૦૨૪ સુધી નૂતન રામજી મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. પ્રથમ દિવસે કુટિર હોમ, પંચાગ કર્મ, શોભાયાત્રા, મંડપ પ્રવેશ, મંડપ વાસ્તુ, જળ યાત્રા, જલાધિવાસ, સાપ પૂજા થશે. બીજા દિવસે સ્થાપિત દેવ પૂજન, મહા અભિષેક સ્તપન, અન્નાધિવાસ, નેત્રો મિલન, પ્રાસાદ વાસ્તુ, પ્રાસાદ શિખર સ્તપન, શાંતિ પૌષ્ટિક હોમ, શૌયાધિવાસ, સાપપૂજા થશે. જ્યારે ત્રીજા અને અંતિમ દિવસે પ્રાણ પ્રતિષ્ઠા, ધ્વજારોહણ, શિખર કળશ, પ્રતિષ્ઠા હોમ, ઉતર પૂજન અને પૂર્ણાહુતિ સાથે ત્રિદિવસીય કાર્યક્રમનું સમાપન થશે. કાર્યક્રમમાં સંતો-મહંતો પણ ઉપસ્થિત રહેશે. શુક્રવાર, તા.૩ ના રોજ રાસ-કીર્તન અને શનિવાર તા.૪. ના રોજ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂનમબેન ગોંડલીયા, સુખદેખભાઈ ધામેલિયા, વિશાલભાઈ દુધાત રંગ જમાવશે.

---

# જિલ્લામાં બહેનોએ મહેંદી મૂકી મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો

અમરેલી,તા.૧

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શરુ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પોતે પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. લોકસભા



સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત રાજ્યમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રકારની મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓના આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરમાં સામૂહિક મહેંદી કાર્યક્રમ યોજવામાં આવ્યો. મહિલાઓએ મતદાન જાગૃત્તિ માટે ‘વોટ ફોર ઈન્ડિયા’, ‘૭ મે, ૨૦૨૪ – મતદાન કરીએ’, ‘ભારત દેશનો મહા તહેવાર – મતદાન કરો’, ‘મેરા મત મેરા અધિકાર’, ‘મતદાન મેરા અધિકાર વોટ પ્લીઝ’, ‘મતદાન - દેશ કા મહાન ત્યૌહાર’ જેવા વિવિધ સૂત્રોને અવનવી મહેંદી ભાત મૂકાવીને મહિલાઓએ અનોખી રીતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો. આ તકે મહિલાઓએ પણ મતદાન અનુરોધ કરતી મહેંદી મૂકાવી મતદાનના કરાવવાના શપથ લીધા હતા.

---

# કોડીનારમાં નગરપાલિકાના સફાઈ કામદારોનો સન્માન કાર્યક્રમ યોજાયો



કોડીનાર,તા.૧

ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજ સમૂહલગ્ન આયોજક મંડળ કોડીનાર દ્વારા નપરપાલિકાના સફાઈ કામદારોનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ સન્માન પ્રસંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવા સોલંકી દ્વારા સફાઈ કામદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ સફાઈ કામદારોની સાથે તેમણે પોતે પણ ભોજન લીધું હતું.

તેમના આ લાગણીસભર વ્યવહારથી સફાઈ કામદારોએ ભાવવિભોર બની આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને તેમને આગળ વધવા હૃદયપૂર્વક આશીર્વાદ આપ્યા હતા.

---

# રાજુલાની સંઘવી હાઈસ્કૂલમાં નિવૃત્તિ વિદાય સમારંભ કાર્યક્રમ

### કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર હાજર રહ્યા



રાજુલા,તા.૧

રાજુલાની જે.એ. સંઘવી હાઈસ્કૂલમાં સતત ત્રણ દાયકા એટલે કે ૩૫ વર્ષથી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા યોગેશભાઈ હર્ષદભાઈ જોષીનો નિવૃત્તિ વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જે.એ. સંઘવી હાઈસ્કૂલમાં આ પ્રથમ ઘટના છે જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હોય. અત્યાર સુધીમાં આ શાળામાં ભણી ચૂકેલા વિદ્યાર્થીઓ દ્વારા આ શાળાને ફરીથી જીવંત કરવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં શહેરનાં અગ્રણીઓ, નામાંકિતો, વેપારીઓ, વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ ડોક્ટરો, વકીલો, રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ, સમસ્ત બ્રહ્મસમાજ તેમજ મહુવાથી વિવિધ ડોક્ટરો, પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર, શાળાના ટ્રસ્ટીઓ બીપીનભાઈ લેહરી, શાળાનાં આચાર્ય, શાળાનો સમગ્ર સ્ટાફ, ભૂતપૂર્વ શિક્ષકો સહિતનાં વિવિધ અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

---

### કાર્યક્રમમાં સામાજીક સમરસતા સંયોજક અને અગ્રણીઓ ઉપસ્થિત

# કોડીનાર તાલુકાના સિંધાજ ગામે વાઝા પરિવાર દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

કોડીનાર, તા.૧

સોમનાથ જિલ્લાના સમરસ ગામ સિંધાજમાં અનુસૂચિત જાતિના વાઝા પરિવારના કુળદેવીના ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા સાથે સુરાપુરા વાસાદાદા તેમજ મેલડી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યમાં વાઝા પરિવારના અલગ અલગ ગામોમાં સ્થળાંતર થયેલા પરિવારોએ પણ ભાગ લીધો હતો. જેમાં




ગ્રામજનોનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ મૂર્તિઓને પ્રથમ દિવસથી જ તજજ્ઞ વૈદિક બ્રહ્મદેવો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપૂર્ણ આસ્થા અને શ્રદ્ધાથી કરવામાં આવેલ, આ વિધિમાં લગભગ ૩૬ જેટલા દંપતીઓ સજોડે બેસી માતાજી અને પૂર્વજોમાં શ્રદ્ધા રાખી સારા દિવ્ય વાતાવરણમાં મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ તકે જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન, વિભાગ સામાજિક સમરસતા સંયોજક, જિલ્લા સીમા જાગરણ મંચના અધ્યક્ષ, કોડીનાર તાલુકા સામાજિક સમરસતા સંયોજક, ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**પૂર્વ સીએમ મહેબૂબા મુફ્તી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ પંચને ચૂંટણી સ્થગિત ન કરવા જણાવ્યું હતું**

# અનંતનાગ-રાજૌરીની લોકસભા બેઠકની ચૂંટણીની તારીખોમાં ફેરફાર કરતું ચૂંટણીપંચ

**૨૫ એપ્રિલે મુખ્ય સચિવ અટલ દુલ્લુ અને મુખ્ય ચૂંટણી અધિકારી પાસેથી રિપોર્ટ માંગ્યો**

(એ.આર.એલ),શ્રીનગર,તા.૧

ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીરની અનંતનાગ-રાજૌરી લોકસભા સીટ માટે ચૂંટણીની તારીખમાં ફેરફાર કર્યો છે. અગાઉ નક્કી કરાયેલા કાર્યક્રમ અનુસાર ત્રીજા તબક્કા હેઠળ અહીં ૭મી મેના રોજ મતદાન થવાનું હતું. હવે છઠ્ઠા તબક્કાની ચૂંટણી દરમિયાન અહીં ૨૫ મેના રોજ મતદાન થશે. ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો લંબાવવાની અનેક રાજકીય પક્ષોની માગણી




અને જમીની સ્થિતિને ધ્યાનમાં લીધા બાદ આ નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસનના અહેવાલને ધ્યાનમાં લીધા પછી તેમજ આ મતવિસ્તારમાં પ્રવર્તમાન જમીની પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યા પછી, પંચે લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૫૬ હેઠળ નિર્ણયને મંજૂરી આપી છે. આ અંતર્ગત, આ સંસદીય મતવિસ્તારમાં મતદાનની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચૂંટણી પંચે કહ્યું કે, 'રાજકીય પક્ષોએ લોજિસ્ટિક્સ, કોમ્યુનિકેશન અને કનેક્ટિવિટીનો ઉલ્લેખ કર્યો હતો જે ચૂંટણી પ્રચારમાં અવરોધ ઊભો કરે છે. જે ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરી શકે છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત બે તબક્કામાં મતદાન થયું છે. હવે ત્રીજા તબક્કાની ચૂંટણી ૭ મેના રોજ યોજાવાની છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની કુલ પાંચ બેઠકો છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બેઠકો પર અલગ-અલગ તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. દેશભરમાં કુલ સાત તબક્કાના મતદાન બાદ ૪ જૂને ચૂંટણીના પરિણામો જાહેર થશે. જમ્મુ અને કાશ્મીર અપની પાર્ટી, પીપલ્સ કોન્ફરન્સ, ડીપીએપી અને ભારતીય જનતા પાર્ટીએ ૨૨ એપ્રિલે ચૂંટણી પંચને ચૂંટણી સ્થગિત કરવાની અપીલ કરી હતી. આ સિવાય હિમવર્ષા અને ભૂસ્ખલનની ઘટનાઓ ટાંકવામાં આવી હતી. તેમણે કહ્યું કે અનંતનાગ અને રાજૌરીને જોડતો એકમાત્ર મુગલ રોડ બ્લોક કરી દેવામાં આવ્યો છે.

# કોવિશિલ્ડ રસીનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧

કોવિશિલ્ડનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. વિશાલ તિવારી નામના વ્યક્તિએ કોવિશિલ્ડ વેક્સિનને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. વિશાલ તિવારી વ્યવસાયે વકીલ છે. તેમની અરજીમાં, તેમણે કોવિશિલ્ડ રસીની આડઅસરો અને જોખમોની તપાસ કરવા માટે ભૂતપૂર્વ ડિરેક્ટરની અધ્યક્ષતામાં તબીબી નિષ્ણાત પેનલની રચના કરવાની માંગ કરી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ બધું સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજની દેખરેખ હેઠળ થવું જોઈએ. અરજીમાં કોવિશિલ્ડ રસીની આડઅસરો અને જોખમી પરિબળોની તપાસ કરવા અને રસીથી થતા નુકસાનને નિર્ધારિત કરવા માટે કેન્દ્રને નિર્દેશો જારી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા જ એન્ટી કોવિડ-૧૯ વેક્સીન 'કોવિશિલ્ડ' બનાવનારી કંપની એસ્ટ્રાઝેનેકાએ સ્વીકાર્યું હતું કે જે લોકોએ કોરોના દરમિયાન કોવિશિલ્ડ વેક્સીન લીધી છે તેમને ભાગ્યે જ આડઅસર થઈ શકે છે.



# આઈએમએ સામે દાવો કરવા પતંજલિને અરજી દાખલ કરવા સુપ્રીમ કોર્ટની મંજૂરી

**આઇએમએ પ્રમુખનું નિવેદન કોર્ટની કાર્યવાહીમાં સીધો હસ્તક્ષેપ છે : પતંજલિના વકીલ**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧




ઈન્ડિયન મેડિકલ એસોસિએશને આદેશનો અનાદર કરવા બદલ પતંજલિ આયુર્વેદ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી જેના પર નિર્ણય આવ્યો હતો. સુપ્રીમ કોર્ટની બેન્ચના બે જજો જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાએ કેસની સુનાવણી દરમિયાન આઈએમએને કેટલીક સલાહ પણ આપી હતી. જ્યારે પતંજલિ આયુર્વેદને સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવી ત્યારે આઈએમએને સારું લાગ્યું પરંતુ જ્યારે એ જ સુપ્રીમ કોર્ટે તેની ખામીઓ તરફ ધ્યાન દોર્યું ત્યારે આઈએમએને શરમ આવી. વાત જાણે એમ છે કે, આઈએમએના પ્રમુખ ડૉ. આર.વી. અશોકને એક ઈન્ટરવ્યુમાં તો ત્યાં સુધી કહ્યું કે, સુપ્રીમ કોર્ટે બિનજરૂરી રીતે સલાહ આપી છે કારણ કે આ મામલો તેમની પાસે નહોતો. જ્યારે પતંજલિ આયુર્વેદનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલે આઈએમએ પ્રમુખના આ નિવેદનને સુપ્રીમ કોર્ટમાં સંભળાવ્યું તો સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ ખૂબ જ ગંભીર મામલો છે અને આઈએમએને આ માટે નુકસાન વેઠવું પડશે. સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદને આઈએમએ પ્રમુખના નિવેદનને રેકોર્ડ પર રાખવાનો આદેશ આપ્યો હતો અને કોર્ટની અવમાનના માટે અરજી દાખલ કરવાની મંજૂરી પણ આપી હતી.

# મોદી કેબિનેટમાં શિવરાજસિંહ કૃષિમંત્રી બને તેવી સંભાવના

(એ.આર.એલ),ભોપાલ,તા.૧

મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં જીત છતાં ભાજપે શિવરાજ સિંહ ચૌહાણને ફરીથી મુખ્યમંત્રી બનાવ્યા નથી. હવે મોદી સરકારમાં પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ બની શકે છે કૃષિ મંત્રી? આ અનુમાન એટલા માટે લગાવવામાં આવી રહ્યું છે કારણ કે પીએમ મોદીએ શિવરાજ સિંહ ચૌહાણને લખેલા પત્ર પરથી એવું લાગી રહ્યું છે. આ સંકેતો પીએમ મોદીએ લખેલા પત્રમાં મળ્યા છે જેમાં તેમણે શિવરાજને લખ્યું છે કે જ્યારે ખેતીની વાત આવે છે, તો તમે પ્રેરણાના સ્રોત તરીકે ઉભરી આવ્યા છો. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં તમારી દૂરંદેશી નીતિઓએ મધ્યપ્રદેશના ખેડૂતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યા છે. વડાપ્રધાને લખ્યું- તમે વિદ્યાર્થી રાજકારણમાં, સંગઠનાત્મક ક્ષમતા અને ચાર વખત મુખ્યમંત્રી તરીકે બહોળો રાજકીય અનુભવ ધરાવો છો અને તમારા કાર્યકાળ દરમિયાન મધ્યપ્રદેશ એક બિમાર રાજ્યમાંથી બહાર આવ્યું છે અને અગ્રણી રાજ્યોમાંનું એક બન્યું છે.



# કોવિશિલ્ડ કેસની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરતા અખિલેશ યાદવ

(એ.આર.એલ),લખનૌ,તા.૧

કોવિશિલ્ડ વેક્સીનની 'આડઅસર'ના વિવાદમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ પણ કૂદી પડ્યા છે. અખિલેશે આરોપ લગાવ્યો કે શાસક પક્ષે લોકોના જીવનને જોખમમાં મૂકીને રસી ઉત્પાદક પાસેથી રાજકીય દાન એકત્ર કર્યું છે અને તેની ઉચ્ચ સ્તરીય ન્યાયિક તપાસ થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે આવી 'ઘાતક' દવાઓને મંજૂરી આપવી એ કોઈની હત્યાનું કાવતરું છે અને જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. અથવા જેમને રસીના પ્રતિકૂળ પરિણામોનો ડર હતો, તેમની શંકા અને ડર હવે સાચો સાબિત થયો છે. તેમણે કહ્યું, "લોકોના જીવન સાથે રમત કરનારાઓને જનતા માફ નહીં કરે. આવી ઘાતક દવાઓને મંજૂરી આપવી એ કોઈની હત્યાના ષડયંત્ર સમાન છે અને તેના માટે જવાબદાર લોકોએ ફોજદારી આરોપોનો સામનો કરવો જોઈએ." ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, "શાસક પક્ષે રસી બનાવતી કંપની પાસેથી રાજકીય દાન એકત્ર કરીને જનતાના જીવનને જોખમમાં મૂક્યું છે. ન તો કાયદો તેમને ક્યારેય માફ કરશે, ન જનતા. આ અંગે ઉચ્ચ સ્તરીય ન્યાયિક તપાસ થવી જોઈએ." અગાઉ, મંગળવારે, ઘણા સપા નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે ભાજપે કોવિડ રસીના ઉત્પાદક પાસેથી "કમિશન" લીધું હતું જે લોકોને "બળજબરીથી" આપવામાં આવ્યું હતું.



**સબમરીન, યુદ્ધ જહાજ અથવા ફાઇટર એરક્રાફ્ટમાંથી ફાયર કરી શકાય તેવી**

# એન્ટી સબમરીન મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરતી ભારતીય નૌસેના

(એ.આર.એલ),બાલાસોર,તા.૧

સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતાના સંદર્ભમાં ભારતે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. વાસ્તવમાં, ભારતીય નૌસેનાએ એન્ટી સબમરીન મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે. ભારતીય નૌકાદળે બુધવારે ઓડિશાના બાલાસોરના દરિયા કિનારે સુપરસોનિક મિસાઈલ અસિસ્ટેડ રીલીઝ ઓફ ટોરપિડો મિસાઈલ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું. સુપરસોનિક મિસાઈલ



સિસ્ટમે બુધવારે સવારે લગભગ ૮.૩૦ વાગ્યે ડૉ. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી ઉડાન ભરી હતી. તે નેક્સ્ટ જનરેશન મિસાઈલ સિસ્ટમ છે, જે લાઈટવેઈટ ટોર્પિડો ડિલિવરી સિસ્ટમ પર આધારિત છે. તેને ડીઆરડીઓ દ્વારા જ ડિઝાઈન અને ડેવલપ કરવામાં આવ્યું છે. સબમરીન વિરોધી યુદ્ધમાં આ મિસાઈલ સિસ્ટમ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ મિસાઈલ લાંબા અંતરના લક્ષ્યાંકોને મારવામાં સક્ષમ છે. આ મિસાઈલ તેની મોટાભાગની ઉડાન ઓછી ઉંચાઈ પર હવામાં પૂરી કરે છે અને તેના લક્ષ્યની નજીક આવ્યા બાદ મિસાઈલમાંથી ટોર્પિડો છોડીને પાણીની અંદરના લક્ષ્યને મારવામાં સક્ષમ છે.

**એપ્રિલ મહિનામાં સૌથી વધુ કલેક્શન જોવા મળ્યુ**

# દેશમાં જીએસટીની ઐતિહાસિક સિદ્ધિ કલેક્શન ૨.૧૦ લાખ કરોડને પાર પહોચ્યુ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧

જીએસટી કલેકશને ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. જીએસટી કલેકશન ઐતિહાસિક માઈલ સ્ટોનના આંકડાને પાર કરી ગયું છે. રિપોર્ટ મુજબ જીએસટી કલેકશન ૨.૧૦ લાખ કરોડ પાર થયું છે. સૌથી વધારે એપ્રિલ મહિનામાં જીએસટી કલેકશન નોંધાયું. આ આંકડા ૧૨.૪ ટકાની નોંધપાત્ર વર્ષ-દર વૃદ્ધિ દર્શાવે છે. આ આંકડા દર્શાવે છે લેવડદેવડમાં ૧૩.૪ ટકા અને આયાતમાં ૮.૩ ટકાની વૃદ્ધિ




જોવા મળી. સત્તાવાર પ્રાપ્ત માહિતી મુજબ રિફંડ માટે એકાઉન્ટિંગ કર્યા બાદ એપ્રિલ ૨૦૨૪માં ચોખ્ખી જીએસટી આવક રૂ. ૧.૯૨ લાખ કરોડ છે જે ગત વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૧૭.૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. એપ્રિલ જીએસટી કલેકશન પર નજર કરીએ તો સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૪૩,૮૪૬ કરોડ, સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૫૩,૫૩૮ કરોડ, ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૯૯,૬૨૩ કરોડ અને આયાતી માલ પર એકત્રિત રૂ.૩૭,૮૨૬ કરોડનો સમાવેશ થાય છે. અને સેસ રૂ.૧૩,૨૬૦ કરોડ અને આયાતી માલ પર એકત્રિત રૂ.૧૦૦૮ કરોડનો સમાવેશ થાય છે.



# દિલ્હી-એનસીઆરની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હડકંપ મચ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧

રાજધાની દિલ્હી અને નોઈડા સહિત NCRની ૧૦૦ થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેલ મળ્યો છે. આ શાળાઓમાં ડીપીએસ, મધર મેરી અને એમીટી સહિત ઘણી જાણીતી શાળાઓનો સમાવેશ થાય છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈમેલ સવારે આવ્યો હતો. શાળાઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે તાત્કાલિક તમામ શાળાઓના કેમ્પસને ખાલી કરાવ્યા અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. તે જ સમયે, સ્કૂલ મેનેજમેન્ટે આ વિશે વાલીઓને જાણ કરતો સંદેશ મોકલ્યો અને બાળકોને ઘરે લઈ જવા વિનંતી કરી. જે બાદ વાલીઓમાં ગભરાટ ફેલાયો હતો. તેઓ બાળકોને ઘરે લઈ જવા શાળાએ પહોંચવા લાગ્યા. દિલ્હીની કેટલીક શાળાઓને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. આ ધમકીઓ પર કાર્યવાહી કરતા, દિલ્હી પોલીસે પ્રોટોકોલ મુજબ આવી તમામ શાળાઓની સંપૂર્ણ તપાસ હાથ ધરી છે. જો કે, હજુ સુધી કંઈ વાંધાજનક મળ્યું નથી.

# રશિયાએ ઓડેસામાં મિસાઈલ હુમલો કર્યો, પાંચ લોકોના મોત




(એ.આર.એલ),કીવ,તા.૧

રશિયા અને યુક્રેન વચ્ચે ૨૬ મહિનાથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. હાલમાં આ યુદ્ધનો અંત આવે તેવું લાગતું નથી. આ દરમિયાન ફરી એકવાર રશિયા તરફથી મિસાઈલ હુમલાના સમાચાર સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્લેક સી પોર્ટ સિટી ઓડેસામાં મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા છે. જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હુમલામાં અનેક રહેણાંક ઈમારતો સહિત સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અગાઉ રશિયન સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર આવેલા યુક્રેનિયન શહેર ખાર્કિવ પર ગ્લાઈડ બોમ્બથી હુમલો કરવામાં આવ્યો હતો.

# લંડનમાં ઉઘાડી તલવાર સાથે યુવકનો લોકો પર હુમલો : ૧૩ વર્ષીય બાળકનું મોત

લંડન,તા.૧

ફ્રાંસ સહિત ઘણા યુરોપીય દેશોમાં લોન વુલ્ફ એટેકના મામલા મોટાભાગે ચર્ચામાં રહે છે. મંગળવારે તેનો શિકાર બ્રિટન પણ થઈ ગયું. એક હુમલાવરે તલવાર વડે હુમલો કરીને ૪ લોકોને ઘાયલ કરી દીધા, જ્યારે ૧૩ વર્ષના એક છોકરાની હત્યા કરી દીધી. ગંભીર રૂપથી ઘાયલ થનાર ૨ પોલીસકર્મી પણ સામેલ છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાવવામાં



આવ્યા છે. હુમલાવરની પોલીસે ધરપકડ કરી લીધી છે. તેની સાથે પૂછપરછ કરી ઘટનાનું કારણ જાણવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

લંડન પોલીસના અનુસાર લોન વુલ્ફ એટેકની ઘટના મંગળવારે ઉત્તર પૂર્વ લંડનના હેનોલ્ટમાં થઈ. પોલીસના ડેપ્યુટી આસિસ્ટન્ટ કમિશનરે જણાવ્યું કે નાગરિકો અને પોલીસ અધિકારીઓ પર હુમલાના આરોપમાં તલવાર સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. હુમલામાં ૧૩ વર્ષીય છોકરાનું મોત નિપજ્યું છે. ડેપ્યુટી આસિસ્ટન્ટ કમિશનરે જણાવ્યું કે અમને સવારે ૭ વાગ્યા પહેલાં ફોન કરવામાં આવ્યો કે થર્લો ગાર્ડન વિસ્તારમાં એક મકાનમાં વાહન ઘૂસી ગયું છે. એવા અહેવાલો હતા કે લોકોને છરીઓ મારવામાં આવી હતી. આ પછી પોલીસ અને અન્ય ઈમરજન્સી સેવાઓને સ્થળ પર મોકલવામાં આવી હતી.

# 'અનુપમા' ફેઈમ રૂપાલી ગાંગુલીની રાજકીયક્ષેત્રે એન્ટ્રી : ભાજપમાં જોડાઈ

**રૂપાલી ગાંગુલી 'ભાભી', 'કહાની ઘર ઘર કી', 'બિગ બોસ ૧' અને 'અદાલત' જેવા ઘણા શોમાં જોવા મળી હતી**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧

ટીવી શો 'અનુપમા'એ રૂપાલી ગાંગુલીને ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રી બનાવી દીધી છે. આ સીરિયલમાં રૂપાલી ગાંગુલી 'અનુપમા'નું પાત્ર ભજવી રહી છે, જે પોતાના જોરદાર અભિનયથી ઘર-ઘરમાં જાણીતી છે. ૨૦૨૦ માં, કોરોના રોગચાળા વચ્ચે શરૂ થયેલા આ શોએ ઘણા રેકોર્ડ તોડ્યા અને 'સૌથી વધુ જોવાયેલ' અને




હવે દર્શકોનો 'સૌથી વધુ પ્રિય' શો બન્યો. આ શોને કારણે રૂપાલી ગાંગુલી હંમેશા સમાચારમાં રહે છે. જો કે આ સમયે તેઓ ચર્ચામાં છે તેનું કારણ રાજકારણમાં તેમની એન્ટ્રી છે. હા, તમે સાચું સાંભળ્યું છે, રૂપાલી ગાંગુલી ભાજપમાં જોડાઈ ગઈ છે.

રૂપાલી ગાંગુલીએ બુધવારે ભારતીય રાજકારણમાં પ્રવેશની જાહેરાત કરી હતી. અભિનેત્રી વિનોદ તાવડે અને અનિલ બલુનીની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ છે. અભિનેત્રીએ આ પ્રસંગે કહ્યું- 'જ્યારે મેં વિકાસનો આ મહાયજ્ઞ જોયો ત્યારે મને લાગ્યું કે મારે પણ તેમાં ભાગ લેવો જોઈએ. મને તમારા આશીર્વાદ અને સમર્થનની જરૂર છે.

# ચેન્નઈએ પંજાબ કિંગ્સને જીતવા માટે ૧૬૩ રનનો ટાર્ગેટ આપ્યો

ચેન્નઈ, તા.૦૧

IPL-૨૦૨૪ની ૪૯મી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સને ૧૬૩ રનનો ટાર્ગેટ આપ્યો છે. ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં બુધવારે પંજાબે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૬૨ રન બનાવ્યા હતા.




CSK તરફથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ૪૮ બોલમાં ૬૨ રન બનાવ્યા હતા. તેણે સિઝનમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી. ગાયકવાડનો આ સતત ત્રીજો ૫૦ પ્લસ સ્કોર છે. અજિંક્ય રહાણેએ ૨૯ રન, સમીર રિઝવીએ ૨૧ રન અને એમએસ ધોનીએ ૧૪ રનનું યોગદાન આપ્યું હતું. પંજાબ તરફથી રાહુલ ચહર અને હરપ્રીત બ્રારે ૨-૨ વિકેટ લીધી હતી. કાગીસો રબાડા અને અર્શદીપ સિંહને એક-એક વિકેટ મળી હતી.

# મતદાનના દિવસે રાજયમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે

## દરિયાકાંઠા વિસ્તારમાં અકળામણનો અનુભવ થશે

અમદાવાદ,તા.૧

આગામી પાંચ દિવસ રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારમાં હીટવેવની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, કચ્છ, પોરબંદર, દીવ, ભાવનગર અને વલસાડમાં આગામી પાંચ દિવસ દરમિયાન હીટવેવની શક્યતા છે. આગામી સાત દિવસ દરમિયાન અમદાવાદ શહેરના મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થશે. મતદાનના દિવસે એટલે કે ૭ મેના રોજ અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના



જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. એટલે કે, મત આપવા જવાના દિવસે ગરમીનો પ્રકોપ સહન કરવો પડશે. વધુમાં જણાવ્યું હતું કે, આ ઉપરાંત કચ્છથી લઈને દમણ સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં અકળામણનો અનુભવ રહેશે અને ગરમ તથા ભેજયુક્ત હવાને લીધે ડિસ્કમ્ફર્ટનો અનુભવ થશે. હાલમાં ગુજરાત પર આવતાં પવનની દિશા ઉત્તર પશ્ચિમ દિશા તરફથી છે. આથી તાપમાન આગામી ત્રણ દિવસ દરમિયાન યથાવત રહેશે. ત્યારબાદ એકથી બે ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે.

# સુરતમાં પોલીસને જોઈ એક કરોડના ડ્રગ્સનો ઘા કરી બે યુવકો ભાગ્યા



સુરત,તા.૧

સુરત SOG-PCB પોલીસની ટીમે લાલગેટ વિસ્તારમાંથી હાઈ પ્યોરિટી ૧ કિલો જેટલું ૧ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. સુરત SOG-PCB પોલીસની ટીમને બાતમી મળી હતી કે, આરોપી મોહંમદ કાસીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખ અને શેહબાઝ ઈર્શાદ હુસેન ખાન નામના બે શખ્સ વચ્ચે લાલગેટ વિસ્તારમાં ડ્રગ્સની મોટી ડીલ થનાર છે. જેને લઈને પોલીસ દ્વારા લાલગેટ લાલમિયાં મસ્જિદની સામે મદરેસા ઈસ્લામિયા સૂફીબાગ શાખાની આસપાસ વોચ ગોઠવી હતી અને બંને શખ્સ વચ્ચે ડ્રગ્સની ડીલ થતી હતી તે દરમિયાન પોલીસે ત્યાં દરોડા પાડ્યા હતા, પરંતુ પોલીસ તેઓને પકડે તે પહેલાં જ બંને શખ્સ બાઈક અને ડ્રગ્સ ભરેલી બેગ ફેંકીને ત્યાંથી ભાગી છૂટ્યા હતા. પોલીસે બેગ ચેક કરતા તેમાંથી ૧ કરોડની કિંમતનું ૧ કિલોગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું.

### કોંગ્રેસે કોર્ટમાં પીઇઆઇએલ દાખલ કરેલ

# બિનહરીફ જાહેર થયેલી સુરત બેઠકની અરજી હાઈકોર્ટે નકારી

(એ.આર.એલ),સુરત,તા.૧

ગુજરાત કોંગ્રેસને હાઈકોર્ટથી મોટો ઝટકો મળ્યો છે. સુરતથી ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીતને પડકારતી પીઆઈએલ નકારવામાં આવી છે. અરજી પર સુનાવણી કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈન્કાર કરવામાં આવ્યો છે. સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા ટકોર કરાઈ છે. અરજીમાં મતદારોને મતદાનથી વંચિત રખાયાનો મુદ્દો ઉઠાવાયો હતો. મહત્વનું છે કે, સુરતથી કોંગ્રેસના ઉમેદવાર કુંભાણીના ફોર્મમાં ટેકેદારોની સહી મિસમેચ થતા અને ટેકેદારો રહસ્યમય રીતે ગાયબ થતા ફોર્મ રદ થયું હતું. જે બાદ અન્ય ઉમેદવારોએ પણ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જે બાદ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે. સુરત ભાજપાના ઉમેદવાર બિનહરીફ જાહેર થવા અંગેની જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. સુરતના અરજદાર ભાવેશ પટેલે જાહેર હિતની અરજીમાં દાવો





કર્યો હતો કે સુરતમાં મતદારોને નકારાત્મક મતનો વિકલ્પ અપાયો નથી. મતદારોને નોટાના અધિકારીથી વંચિત રખાયા છે. આ કારણે અરજદારે ભાજપના ઉમેદવારને બિનહરીફ કરવાના નિર્ણયને રદબાતલ કરવા માંગ કરી હતી. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલના બિનહરીફ જાહેર કરાવી દેવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી કરવા હઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા આગ્રવાલની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટે આ બાબતે કહ્યું કે, બિનહરીફ જાહેર થયેલ ઉમેદવારને પણ મતગણતરીની પ્રક્રિયા મારફતે ચૂંટાયેલા ઉમેદવાર સમાન જ ગણાય. આ અરજી જાહેરહિતની અરજીના નિયમોમાં આવતી નથી. હાઈકોર્ટે અરજદારને ટકોર કરી કે, આ માટે ઈલેક્શન પીટિશન દાખલ કરો. તેને પીઆઈએલ તરીકે સ્વીકારાશે નહિ.

ગત અઠવાડિયે કોંગ્રેસમાં નિલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ શિસ્ત સમિતિએ લાંબી ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે. પૂરતો સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણીએ કોઈ ખુલાસા કર્યા નથી તેવુ શિસ્ત સમિતિએ જણાવ્યું. સમિતિએ જણાવ્યું કે, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવું એ કમનસીબ ઘટના છે. ફોર્મ રદ થવા અંગે નિલેશ કુંભાણીએ સંપૂર્ણ નિષ્કાળજી દાખવી છે. ભારતીય જનતા પાર્ટી સાથે તેમનું મેળાપીપણું દેખાયું. કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સ્પષ્ટતા માટે સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણી ગાયબ થઈ ગયા.

### રાજકોટ સ્પેશ્યલ બ્રાંચમાં એલઆરડી તરીકે નોકરી કરતા પોલીસમેનના

# માતા-પિતાની ઝેરી દવા પી લઈ આત્મહત્યા

(એ.આર.એલ),રાજકોટ,તા.૧

રાજકોટ નજીકના હડાળા ગામે રહેતાં નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ (ઉ.વ.૪૫) અને તેના પત્ની ભારતીબેન (ઉ.વ.૪૩)એ આજે બપોરે ટંકારાના છતર ગામમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. મૃતક દંપતીનો એકનો એક પુત્ર મિલન રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરીમાં આવેલી સ્પેશ્યલ બ્રાંચમાં એલઆરડી તરીકે નોકરી કરે છે. જોકે કયાં કારણથી મૃતક દંપતીએ આ પગલું ભર્યું તે વિશે પોલીસને પ્રાથમિક તપાસમાં કોઈ માહિતી મળી નથી.

હડાળા ગામ હવે રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથકની હદમાં આવે છે. આજે બપોરે નિલેશભાઈ અને તેના પત્ની ભારતીબેને છતર ગામમાં આવેલી પ્રાથમિક શાળા નજીક ઝેરી દવા પી લીધી હતી. પોલીસ સૂત્રોના



જણાવ્યા પ્રમાણે નિલેશભાઈનું તત્કાળ મોત નિપજયું હતું. જયારે ભારતીબેનને ૧૦૮માં રાજકોટની સિવિલમાં ખસેડાયા હતા. જયાં ટૂંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. જાણ થતા ટંકારા પોલીસ સિવિલે દોડી આવી હતી.

પોલીસે મૃતક દંપતીના પુત્ર એલઆરડી મિલનની પૂછપરછ કરી હતી. પરંતુ તેણે હાલમાં કોઈ કારણ જણાવ્યું નથી. આમ છતાં પોલીસ પાસે વ્યાજખોરોને કારણે આ પગલું ભરી લીધાની માહિતી પહોંચી છે. જેમાં કેટલું તથ્ય છે તે મિલનના નિવેદન પછી જ સ્પષ્ટ થશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# સુરતમાં તાંત્રિક વિધિના બહાને પરિણીતા સાથે દુષ્કર્મ

સુરત,તા.૧

સુરતના ઉત્રાણ વિસ્તારમાં રહેતી પરિણીતાને તાંત્રિક ભેટી ગયો હતો. ઘરમાં ધાર્મિક કર્મકાંડ વિધિ કરવાના બહાને પરિણીતા સાથે બીભત્સ અડપલાં કર્યા હતા. બાદમાં વિધિ પૂરી જ કરવી પડશે, જો વિધિ પૂરી નહીં થાય તો તારા પતિ મરી જશે અને ઘરમાંથી કોઈનો ભોગ લેવાશે તેવું કહી પરિણીતાને ડરાવી હતી. ત્યારબાદ પરિણીતાના ફોટો વાઈરલ કરવાની ધમકી આપી તેને સમાજમાં બદનામ કરવાની ધાકધમકી આપી અવારનવાર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી તાંત્રિકે બળાત્કાર ગુજાર્યો હતો. જેથી આખરે ભોગ બનનાર પરિણીતાએ આ મામલે ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાંત્રિક સામે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં ભારે પવનને કારણે રોપ-વે સેવા બંધ

જૂનાગઢ,તા.૧

જૂનાગઢ ગિરનાર પર્વત પર બનાવેલા આધુનિક રોપ-વેને ખરાબ હવામાનના કારણે બંધ રાખવામાં આવ્યો છે. ગિરનાર પર્વત પર ભારે પવનના કારણે યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગિરનાર પર્વત પર હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે. ઘણા



પ્રવાસીઓએ રોપ-વે ટિકિટનું ઓનલાઈન બુકિંગ કરાવેલું હોય છે. તે પ્રવાસીઓને આજે રોપ-વે બંધ હોવાના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી તરફ જૂનાગઢ, સાસણ, સતાધાર, મઢડા અને અન્ય ફરવા લાયક સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. જૂનાગઢમાં આવનાર પ્રવાસીઓ રોપ-વેની મુલાકાત લેતા હોય છે. પરંતુ આજે રોપ-વે બંધ હોવાના લીધે અહીં આવનાર પ્રવાસીઓ પણ નિરાશ થઈ પાછા ફરી રહ્યા છે.




# હવે પાસાના કેસ સિવિલ નહી ક્રિમનલ કેસ ગણાશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત હાઈકોર્ટના સ્થાપના દિને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય ગુજરાતના કાયદા ક્ષેત્રમાં આગામી દિવસોમાં મહત્વનો પુરવાર થાય તેવી સંભાવના છે. ગુજરાત હાઈકોર્ટમાં પાસાના કેસને હવેથી સિવિલ કેસ ગણવામાં નહીં આવે પણ ક્રિમિનલ કેસ ગણવામાં આવશે. આમ ગુજરાત હાઈકોર્ટમાં પાસાના કેસની કેટેગરી હવે



બદલાઈ ગઈ છે. આ કેસોને ક્રિમિનલ કેસો ગણવાની સાથે તેની સુનાવણીની પદ્ધતિ પણ બદલાઈ છે. તેની સુનાવણી પણ હવે સિંગલ જજ નહીં કરે પણ બેન્ચ કરશે. આમ પાસાના કેસને સિવિલના બદલે ક્રિમિનલ ગણવા ઉપરાંત તેની સુનાવણી પણ બેન્ચ કરશે.

ગુજરાત હાઈકોર્ટની સ્થાપનાથી ચાલતો નિર્ણય વર્ષ ૨૦૨૪માં બદલાયો છે. આ નિર્ણયના લીધે પાસાના કેસોનો હાઈકોર્ટમાં ઝડપી નિકાલ થશે. ગુજરાત હાઈકોર્ટની સ્થાપના પહેલી મે ૧૯૬૦ના રોજ થઈ હતી. તેમાં પાસાના કેસોને લઈને મહત્વનો નિર્ણય ગુજરાત હાઈકોર્ટે લીધો છે.

# ફરી કચ્છની ધરા ધ્રુજી: ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

(એ.આર.એલ),ભુજ,તા.૧

ફરી એક વાર કચ્છમાં ધરા ધ્રુજી ઉઠી હતી, કચ્છના રાપર નજીક સાંજે ૭.૪૧ કલાકે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૮ કિમી દૂર નોંધાયું છે. ભૂંકપના કારણે હજી સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. પરંતુ લોકોમાં ભય પેસી ગયો છે. આ આંચકો આવ્યો ત્યારે ઘણા લોકોને આ આંચકો અનુભવાયો નથી પરંતુ જે લોકોએ આ આંચકો અનુભવ્યો હતો તે લોકો ઘરની બહાર દોડી આવ્યાં હતાં.

કચ્છમાં છેલ્લા ૨૦ વર્ષથી સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા હોય તેવુ આપણે સાંભળીએ છીએ. કચ્છ યુનિવર્સિટીના સંશોધન અનુસાર આ પાછળનું મુખ્ય કારણ એ છે કે કચ્છમાં ભૂકંપની ૪ ફોલ્ટલાઈન આવેલી છે. જેમાંથી વાગડમાં સાઉથ વાગડ ફોલ્ટલાઈન અને કચ્છ મેઈન ફોલ્ટલાઈનનો સંગમ થાય છે.

